ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી
વિવિધ જ્ઞાન ગ્રંથમાળા.

(મણકો ૩૭ મો.)

રજપુત ટેક વાર્ત્તા.

લખનાર,
નારાયણ હેમચંદ્ર.

અમદાવાદ
"નિર્મળ" પ્રિન્ટિંગ પ્રેસ, મદનગોપાળની હવેલીમાં
લલ્લુભાઈ ઈશ્વરદાસ ત્રિવેદીએ છાપ્યું.

કિમ્મત ચાર આના.

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી વિવિધ જ્ઞાન ગ્રંથમાળામાંનાં આ લખનારનાં પુસ્તકો.

મણકો.		કિંમત.	મણકો.		કિંમત.
૧	વિવિધ જ્ઞાન ...	૦॥	૨	રત્નાવળી..... ...	૦॥
૩	રોમિયો અને જુલિયટ.	૦॥	૪	અપરાધ તત્વ ...	૦॥
૫	હૃત્તત્ત્વ વિવેક ...	૦॥	૬	નાની મીઠી વાર્તા...	૦॥
૭	વાસવદત્તા.... ...	૦॥	૮	સૌન્દર્ય તત્વ ...	૦॥
૯	પ્રેમ તત્વ... ...	૦॥	૧૦	કમળ કુમારી ...	૦॥
૧૧	ઐન્દ્રિક તત્વ ...	૦॥	૧૨	કાલિદાસ અને શેક્સપિયરની તુલના ...	૦॥
૧૩	કવિ તત્વ.... ...	૦॥	૧૪	કાવ્ય તત્વ.. ...	૦॥
૧૫	હૃદય તત્વ... ...	૦॥	૧૬	ઇશ્વર જ્ઞાન. ...	૦॥
૧૭	ધર્મ જ્ઞાન	૦॥	૧૮	અધ્યાત્મિક વિજ્ઞાન તત્વ	૦॥
૧૯	જયસિંહ	૦॥	૨૦	વિવિધ મીઠી વાર્તાઓ	૦॥
૨૧	સંસાર ધર્મ નીતિ.	૦।	૨૨	અવગુણપર ગુણ ...	૦।
૨૩	સૃષ્ટિ ઉત્પત્તિ તત્વ.	૦।	૨૪	સૂર્ય....	૦।
૨૫	કર્ણસુંદરી... ...	૦।	૨૬	જીવોત્પત્તિ તત્વ....	૦।
૨૭	બ્રહ્માંડ તત્વ.. ...	૦।≈	૨૮	ગાયન તત્વ. ...	૦।
૨૯	મૃણાલિની... ...	૦॥	૩૦	રાજ્ય ઉત્પત્તિ તત્વ	૦।
૩૧	સમાજ ઉત્પત્તિ તત્વ	૦।	૩૨	રામ ચરિત. ...	૦।≈
૩૩	વૈદિક આર્ય સમાજ	૦।≈	૩૪	પૃથ્વી ઉત્પત્તિ તત્વ	૦।
૩૫	સુંદરલાલ	૦।	૩૬	મનુષ્યોત્પત્તિ તત્વ	૦।
૩૭	રજપુત ટેક વાર્તા...	૦।			

આ લખનારનાં વાર્તાના પુસ્તકો.

જીવન પ્રભાત	૧	જીવન સંધ્યા...	૧
પ્રેમ તરંગ	૧॥	નર્મદા	૦॥।
પ્રેમ કથા	૦॥।	મા અને દીકરી	૦॥।
સ્નેહ કુટીર...	૦॥।	કમળ	૦॥।
ફૂલની માળા	૦॥।	નંદકોર	૦॥।
ગણેશ...	૦॥।	કૃષ્ણલાલનું વિલ	૦॥।

(મુંબાઈ. કાવસજી પટેલ તળાવ.) **નારાયણ હેમચંદ્ર.**

અનુક્રમ.

"૧૫૦ પુસ્તકનો એક મુફલેશ ગ્રંથ કર્ત્તા."

રાસ્તગોફ્તાર અને સત્યપ્રકાશ તા. ૧૮ મી સપ્ટેમ્બર ૧૮૯૮ ના પાને ૧૧૧૨ માં લખે છે કે—

" એકજ લખનાર, તથા તેબી પૈસાટકા વગરનો, હાલે મુફલેશ, દેખાવે કંગાળ, અને ઉઘાડા પગનો એક સાધારણ હિંદુ, પારકે પૈસે અને માંગી ટાંગીને યુરોપ અને અમેરિકાની મુસાફરીઓ કરી શકે અને શું ત્યાં તેમજ આપણા દેશમાં એક બેજ નહીં, ડજન બે ડજનજ નહીં, પણ ખાસાં ૧૫૦ અને દલદાર પુસ્તકોનો ગ્રંથકર્ત્તા થઈ શકે, એ આપણા જાહેર લખનારાઓની દુન્યામાં એક મહાભારત ફતેહ, એક આશ્ચર્યકારક ચમત્કાર અને એક અજીત મોજેજા જેવું લાગે છે. અને તો પણ મી૦ નારાયણ હેમચંદ્ર નામનો અમારો એક ગરીબડો હિંદુ મિત્ર એ સઘળો ચમત્કાર બોલેઓલ બજાવી શકયો છે, એમની ગરીબીનું અમે ઉપર જે ચિત્ર દોરચું છે તે જોકે અક્ષરે અક્ષર ખરૂં છે, અને જોકે તે હલકી મુફલેશીને અમારે કેટલાક હલકા શબ્દોમાં ચિતારવી પડી છે, તો પણ તે ઉપરથી અમે એ જુવાન ગૃહસ્થનો કંઈ પણ તિરસ્કાર દેખાડનાને તેમ લખ્યું હોય એવું કોઇએ સમજવું નહીં. મી૦ નારાયણ વિષે એ તિરસ્કારવાચક શબ્દો તેમની કાંહિજ નહીં પણ તારીફમાં અમે લખ્યા છે. મુફલેશીનો પહેલો દેખાવજ હલકો અને કંગાળ હોય છે, પણ મુફલેશી કાંઈ એક એક માણસનો ગુનાહ નથી અને અગર એક માણસે ગરીબ જન્મ લીધો હોય તો તે માટે તેને શરમાવવાનું કંઈ નથી, ગમે એવો શ્રીમંત પણ નિરાધાર નગ્નતામાં જન્મ લેય છે, જન્મ લેતી વેળા તેની પાસે એક અડધી હોતી નથી અથવા એક લુંગી કે લંગોટ પેહેરીને તે જન્મ લેતો નથી. પણ નિર્ધન સ્થિતિવાળી જીંદગીમાં ધનવાન કરતાં ચહડતાં પરાક્રમ બજાવી શકે તે ખરો ધનવાન અને ખરો કીર્ત્તિવાન છે, અને જે મુફલેશ હિંદુનો અમે આ હેવાલ આપીએ છીએ તેની મુફલેશી છતાં તેણે આ ખરી કીર્ત્તિ મેળવી છે એક ફુટી બદામની હુરિયત વગર ૧૫૦ પુસ્તકોનો પ્રગ્રતાવનાર થવું એ કાંઇ થોડી કીર્ત્તિનું કામ નથી. અગર જો, પ્રિય વાંચનાર, તમે મી૦ નારાયણ હેમચંદ્રને નજરે જુવો, તો તમારી આગળ તેના ઉઘાડા પગ્યાં આગમણુથી તથા એક લુંગી અને ધોતરના તેના સાદા લેબાશથી તમે કદાચ તેને તમારી આગળ ઉભો રાખવાનુંબી પસંદ નહી કરો, પણ એજ તે વીરલો પુરૂષ છે કે જેણે આજ સુધીમાં ૧૫૦ ગ્રંથો રચ્યા છે, અને જેમાંના કેટલાંક પુસ્તકો તો તેણે લંડનના નામિચાં બ્રિટિશ મ્યુઝીયમનાં પુસ્તકખાનામાં પંડે બેસીને બનાવ્યાં છે. માટે ખરી બલિહારી તો એવા એક બહાદુર સાધુજણની છે. એમની આ ફતેહની ચાવીજ તે વાતમાં છે કે મી. નારાયણ હેમચંદ્ર એક સાચો સાધુ છે. તેમણે કાંઇ ભગવાં લુંગડાં પેહેરીને બહારથી સાધુનો ઢોંગી શોંગ લીધો

નથી. પણ જે માણુસની મોજ શોક વિધાભ્યાસ શિવાએ બીજી કાંઇજ નહી હોય, જે માણુસની હાજતો કુદરતી સિવાએ અને જરૂરિયાતો પોતાનું પેટ ભરવા શિવાએ વધારે કાંઈ નહી હોય, તે માણુસ નિરંતર સત્યવાદી જીદગી ગુજારે, તેને તમારા ઢોંગી અને પ્રપંચી સાધુઓ કરતાં વધારે સાચો સાધુ માનવો. એવો સાધુસંત તે આ ૧૫૦ પુસ્તકોનો રચનાર મી૦ નારાયણ હેમચંદ્ર છે, યુરોપ અને અમેરિકાની તેની મુસાફરી તે તેને મનથી વિધાહુન્નરનાં તિર્થસ્થાનની એક પવિત્ર યાત્રા સમાન છે. અને તે મુસાફરીમાં વિધાભ્યાસ કરવો તથા વધારવો અને તે વિધાભ્યાસનો પોતાના દેશીઓને લાભ આપવો, એજ તેણે પોતાના મનથી યુરોપ અને અમેરિકાની મોજ માની લીધી છે. અને તેટલા જ માટે ૧૫૦ પુસ્તકો બનાવવાનો જે પરિશ્રમ કોઇથી પણ ન બની શકે તે એ ધણીએ પાર પાડયો છે, મી૦ નારાયણ પહેલ વહેલ ઇંગ્લંડ ગયા તે દિવસ અમને યાદ છે. તે વાતને આજ ઘણાં વર્ષ થયાં છે કે જ્યારે હિંદુ સુધારાના સાચા સેવક અને વિધાભ્યાસના ખરા મદદગાર મુરબ્બી મરહુમ શેઠ માધવદાસ રૂપનાથદાસે પોતાની ગીરેથી મદદ આપી એમને ઇંગ્લંડ મોકલ્યા હતા. તે દાહાડે મી૦ નારાયણને ઇંગ્રેજી બોલતા વટીક આવડતું નહી હતું. પણ ત્યાર પછી એ વીરલો પુરૂષ એવી જે પારકી મદદે ફરી ફરી ઇંગ્લંડ અને અમેરિકા વેર પ્રવાસ કરીને કીમતી ભાષાજ્ઞાન સંપાદન કરવા ઉપરાંત, તે સર્વ જ્ઞાનનો પોતાના ભાઇબંધોને લાભ આપવાને એવાં એક ચિંતે મથી રહેલો છે કે ઇંગ્લંડ જવા આગમચની પોતાની નાની ગ્રંથમાળાને તેણે ૧૫૦ ના આંકડા સુધી વધારી આપી છે, તમે તમારા એક ત્રિમકડાક પારસી ભાઇને ઇંગ્લંડ જવા કહેસો તો પહેલાં તો તેને કમમાં કમ પાંચ હજાર રૂપીયા જોઇશે. પહેલાં તો તે ઉંચી બનાતના ડગલા, ને ફલાલનના " સુટ " સિવડાવસે તથા રોગાનના બુટ અને તરેહવાર મોજાં આદી લેવા જશે પણ મી૦ નારાયણ હેમચંદ્રે જે ફતેહ મેળવી છે તે એકલો અટુલો એક સાદા ભિક્ષુકની ઢબમાં વાહાણે ચાહડી બેસીને તથા લાંબી મુસાફરીઓ કરીને પોતાના અભ્યાસના ઉધોગ અને ખંતથી માત્ર મેળવી છે.

" આજ કેટલાંક વર્ષો અગાઉ અમારા વાંચનારાઓને મી૦ નારાયણ હેમચંદ્રની અમે ઓળખાણ કરાવી હતી અને તે ઓળખાણ આજે તાજી કરાવતાં અમોને ઘણી ખુશાલી પેદા થઈ છે. મી૦ નારાયણ હેમચંદ્રે ગુજરાતી ભાષા ઉપર અને ગુજરાતી પ્રજા ઉપર, ઘણાં પુસ્તકો રચી પ્રકટ કરીને મહાભારત ઉપકાર કરેલો છે અત્યાર સુધીમાં તેમણે લગભગ ૧૫૦ પુસ્તકો પ્રગટ કરેલાં છે. આ શિવાય છપાવવા બાકી એવાં બીજા ચાલીશ પુસ્તકો તેમણે તૈયાર કરેલાં છે. ગુજરાતી બાષામાં એક જ કલમથી આટલા બધાં પુસ્તકો બનાવ્યાં હોય તેવો તો માત્ર એક જ દાખલો મી૦ નારાયણનો મળી આવે છે. આ બધાં પુસ્તકો જુદા જુદા વિષયો ઉપર રચાયલાં છે, તેમાંના કેટલાકો નાટકરૂપે, કેટલાકો નિબંધરૂપે રચાયલાં છે. તેમાંના વિષયો

ઇતિહાસો, ધર્મનીતિ, ચરિત્રો અને વારતાઓને લાગતા છે.

" મી૦ નારાયણ હેમચંદ્ર અગાઉ ધર્મ સંબંધી પુસ્તકો પ્રગટ કરતા અને અમોએ તે વખતે તેમના તે પુસ્તકોનું વિવેચન કરી કેટલીકવાર નોંધ લીધી હતી. એ પુસ્તકોમાં એક તો " જરતોસ્તી ધર્મનીતિ " નું પુસ્તક છે, જે છપાયું તે જ વેળાએ અમે તે બહુ કિંમતી ગણ્યું હતું અને એક હિંદુ લખનારના અભ્યાસ લેખે અમે તે ઘણું વખાણ્યું હતું. હાલમાં તેઓ ઇતિહાસિક અને સંસારિક વાર્તાઓ, નાટકો, જીવનચરિત્રો, નિબંધો વગેરે પુસ્તકો પ્રગટ કરવા કામે લાગ્યા છે. તેમણે પ્રગટ કરેલાં ૧૫૦ પુસ્તકોની મોટી સંખ્યામાંથી કેટલાંક બહુ ઉપયોગી પુસ્તકોની ટીપ અમે અમારા વાંચનારાઓની જાણ માટે અતરે આપવી જરૂરની ધારીએ છીએઃ—

" **સન્યાસી** "—એમાં એક ધનવાનનું ખરાબ સોબતથી ખરાબ થવું તથા સ્ત્રીનો નિર્મળ પ્રેમ વગેરેનું ઉત્તમ ચિત્ર આપવામાં આવ્યું છે.

"**જીવન પ્રભાત**"—એમાં શિવાજીનું શૂરવીરપણું, ઔરંગઝેબની ચતુરાઈ, રઘુનાથ અને સરયુબાળાના અગાધ પ્રેમનું સરસ વર્ણન કરવામાં આવ્યું છે.

" **જીવન સંધ્યા** " એમાં રાણા પ્રતાપનો સ્વદેશ પ્રેમ, અકબર જોડેની લડાઈમાં અટલ રહેલું વગેરે બતાવવામાં આવ્યું છે.

" **પ્રેમ કથા** " આ પુસ્તકમાં પાંચ વાર્તાઓ છે. તે દરેકમાં પ્રેમનાં ચિત્રો આપવામાં આવ્યાં છે.

" **ફૂલની માળા** " એક વિદ્વાન બંગાલી બાઇએ રચેલી એક વાર્તા ઉપરથી આ પુસ્તક રચવામાં આવેલું છે.

" **મા અને દીકરી** "—આમાં સતિ સ્ત્રીનો આબેહુબ ચિતાર જોવામાં આવે છે.

" **શિવલાલ** "—શરાતન અને પ્રીતિનાં ઘણાં પ્રસંગો આ પુસ્તકમાં આપવામાં આવેલાં છે.

" **લક્ષ્મી** "—ધણીને વશ કરવાની નીતિવાળી યુક્તિઓ આ પુસ્તકમાં બતાવવામાં આવેલી છે. આ પુસ્તકમાં ઘણો હાસ્યરસ છે.

" **નંદકોર** "—આમાં શોકનું સાલ, દેવીભક્તોનું બળિદાન અને સરળ મનની મુગ્ધાનું પ્રેમચરિત્ર આપવામાં આવેલું છે.

" **કમલ** "—(નંદકોરનો પાછલો ભાગ) અદેખાઇ, કિન્નો કરીને પાછળથી પસ્તાવો પામી ઠેકાણે આવનારી સ્ત્રીનું આમાં અસરકારક વર્ણન આપવામાં આવ્યું છે. એમાં બીજા પણ ઘણાં સરસ પ્રસંગો આપવામાં આવ્યાં છે.

* * *

મી૦ નારાયણનાં એ પુસ્તકોમાંની ભાષા ઘણી જ જમકદાર. સરળ અને સમજી શકાય તેવી છે. તેમાંના પ્રસંગો તથા માનવી સ્વભાવનાં આપેલાં ચિત્રો બહુ જ અસરકારક છે. આવી સાદી ભાષાનાં બોધદાયક પુસ્તકો અમારા હિંદુ તથા પારસી બાઇઓ અને બેહેનોને વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ. "

નારાયણ હેમચંદ્રનાં વાર્ત્તાનાં પુસ્તકો.

રજપુત વાર્તા.

કુમાર ભીમસિંહ.

૧

મેવાડનો રાણો રાજસિંહ એકલો સૂવાના ઓરડામાં સૂતો છે, સંધ્યા ચાલી ગઇ છે, મહારાજના હુકમથી ચાકરોએ એક જ દીવો માત્ર બળતો રાખીને ઘરના બીજા દીવાઓ હોલવી નાખ્યા છે. તે ઝાંખા અજવાળાવાળા મોટા ઓરડામાં એવી એક જાતની સ્નિગ્ધતા આવી છે કે તેમાં નાહીને મહારાજના આટલા વખતના વિચારોએ પણ આસ્તે આસ્તે સ્નિગ્ધ વેશ ધારણ કર્યા છે. કુમાર જયસિંહને રાજ્યાભિષેક કરવાનો દિવસ પાસે આવ્યો છે. પ્રજા એ બનાવને શીરીતે સમજશે, આ વિષય હવે તેના મનમાં નથી, ઉત્સવને દહાડે બધાને કેવો આનંદ થશે, બધાને અર્થાત્ જયસિંહની માને તે દહાડે કેવો હર્ષનો ઉચ્છવાસ થશે, જયસિંહ કેવો ખુશી થશે—બીજાના વિષે ભૂલી જઇને મહારાજ હમણાં કેવળ આનો વિચાર કરે છે એટલામાં એકાએક ઓરડાનો દરવાજો ધીરે ધીરે ઉઘડવા લાગ્યો, રાણી કમળકુમારી તેની સામે આવીને ઉભી રહી. તેને જોઇને રાજા આશ્ચર્ય પામ્યો, તટસ્થ ભાવથી બીછાનાપર બેશી પોતાની પાસે બેસવાની ઇશારત કરી. રાણી તેની પાસે આવીને બેઠી અને રાજા બોલ્યો, "આ શું આ વખતે જ ?

રાણીએ કહ્યું, "નહિ આવું તો શું કરૂં. બોલાવ્યા છતાં મળતા નથી." રાજા જરા ખીશિયાણો થયો, આજે દિવસમાં ત્રણવાર

રાણીએ તેને અન્ત:પુરમાંથી બોલાવવા મોકલ્યું હતું, તે યાદ આવ્યું, ધીરે ધીરે તે બોલ્યો,–" હું ભૂલી ગયો હતો." રાણીએ મનમાં ને મનમાં કહ્યું, મારા ભાગ્યમાં ઘણાક દિવસથી ભૂલાવો જ છે, તે શું આજે નવું છે. પરંતુ મોંએ તે કંઇપણ નહિ જણાવતાં બોલી, " મહારાજ એક વાત હું પૂછવા આવી છું. જે ખુમાટો ઉઠ્યો છે તે શું ખરો છે ? " એકી-વારે જવાબ આપતા કેવો મહારાજને બાંધ્યો હોય તે પ્રમાણે બોલ્યો, " શો ખુમાટો છે ? "

રાણી બોલી, " સંભળાય છે કે તમારી હયાતીમાં તમારી ગાદી જયસિંહ મેળવવાના છે, તે વાત શું ખરી છે ? તેમ થશે તો હું જોઉં છું કે મુસલમાનનું રાજ્ય થશે. "

જયસિંહના ઉપર આવો કટાક્ષ રાજાને સારો લાગ્યો નહિ, તેણે કહ્યું, " એ કહેવું તદન ખરું નથી, જયસિંહ ગાદી મેળવવાનો નથી. મારી ગાદી હું તેને આપું છું. " રાણી જરા તીવ્ર હસવું હસીને બોલી, " તમે આપો છો ? એટલામાં જ ? આટલી ઉમ્મરમાં વનમાં જવાનો વખત શું થયો છે ? " રાજાએ ઉત્સાહિત ક્રોધ બળપૂર્વક રોકીને કહ્યું, "એમાં હસવાનું કંઇ જ નથી, રાજા થયાથી ઘણા વિચારો કરીને ઘણી આ-સપાસની બાબતોનો તથા ભવિષ્યનો વિચાર કરીને કામ કરવું પડે છે, વિચાર કરીને જુઓ, રાજાના ઉપર સેંકડો કુટુંબના સારા નરસાનો આધાર રાખે છે. મારી હયાતીમાં રાજ્યનો બંદોબસ્ત કરી નહિ જવાથી આ અધિકાર માટે ભાઇ ભાઇમાં ઝગડો ઉઠીને રાજ્યની ધુળ-ધાણી થઈ જશે. "

રાણી બોલી, " પરંતુ હું તો સમજું છું કે તમે ભાઇઓની વચ્ચે ઝગડો મટાડવા જતાં ઝગડાનો આરંભ કરો છો, રાજ્યની સા-ચવણી કરવા જતાં રાજ્યની ધૂળધાણી કરવાનો બંદોબસ્ત કરો છો. તમે રહેતાં જો પુત્રને રાજા કરવાનું વાજબી ધારો તો મોટા કુંવરને રાજા શામાટે કરતા નથી ? તેનો વાજબી અધિકાર અન્યાયરૂપથી ખું-

ચવીને તે ગાદીપર નાનાને બેસાડવાનું કારણ શું ? "

એ બોલવું ખરૂં છે, પરંતુ રાજાને તે સાંભળવું ઠીક લાગ્યું નહિ, ઘણીક વખતે સત્ય બોલવું સાંભળતાં દુઃખ લાગે છે. રાજા ગુસ્સાથી બોલ્યો, " ભીમસિંહ તથા જયસિંહ આટલા નાના સમયના નાના મોટા છે કે તે માટે મોટા તરીકે ભીમસિંહ રાજ્યના ઉપર દાવો કરી શકતો નથી. બે જણા એક જ દહાડે જન્મ્યા છે, એક જ સમયે જન્મ્યા છે એમ કહ્યાથી ખોટું થનાર નથી, આવી જગાએ તેઓમાંથી જે વધારે લાયક છે તેનો જ રાજ્યપર અધિકાર છે, હું જયસિંહને વધારે લાયક સમજું છું. "

રાણીએ હસીને કહ્યું, " હું જોઉં છું કે તમે કાળનો નિયમ ઉલટાવી નાખવા ઇચ્છો છો, નહિ તો નાનાને નાનો નહિ કહેતાં સરખો શામાટે કહો ? સુખમાં તમારા બોલવામાં કાલનો નિયમ તુટશે નહિ. એક કલાકની વાતને પડતી મૂકો, એક પળની પહેલાં જે જન્મે છે તે પણ મોટો અધિકાર લઇને જન્મવાનો જ. લવ કુશ તો જોડિયા ભાઇઓ હતા ત્યારે લવ શામાટે પિતાના રાજ્યનો માલેક થયો ? વળી પૂછું છું-મહારાજ ! જયસિંહ ભીમસિંહથી યોગ્ય શાથી છે ? શૂરપણામાં, વીરપણામાં, બુદ્ધિમાં, શામાં ભીમસિંહ જયસિંહના ઉપર છે ? કોની બહાદુરીથી લશ્કર વશીભૂત છે ? સભાસદો કોની સત્તાથી મુગ્ધ છે ? પ્રજા કોને પોતાનો રાજા કરવા ચાહે છે ? બધાને પૂછો કે કોણ લાયક છે. તો પણ જો તમારી પ્રિય રાણીનો પુત્ર તથા પ્રિય પુત્ર તરીકે જયસિંહ લાયક ઠરે તો હું કહી શકતી નથી. " આવી રીતનાં મશ્કરીવાળાં વચનથી રાજાને હાડે હાડ લાગી આવ્યું. તેણે ગુસ્સાવાળા અવાજથી કહ્યું, " ત્યારે તેમ જ છે. " રાણી પણ ગુસ્સો સમાવી શકી નહિ, તે બોલી, " આમ ત્યારે સ્પષ્ટ નહિ બોલતાં પાંચ પ્રકારના દાવ પેચથી બોલવું એ શું ઠીક છે ? રાજા થઇને ખરૂં બોલતાં ડર લાગે છે કે શું ? " રાજાએ કહ્યું, " કોણે મને મારા મનની વાત પૂછી છે કે

જે મેં તેની પાસે છુપાવી છે." રાણી બોલી,–'કુમારોના જન્મ દિવસની વાત શું યાદ આવે છે કે ?" આટલું કહેતાં કહેતાં રાણીની છાતી ભરાઇ આવી, તેનાથી વધારે બોલાયું નહિ, પળમાં વીશ વર્ષની વાત જાણે પાછી તાજી થઇને ઉભી હોય તેમ તે દહાડાનો બનાવ નવા તરીકે તેના મનમાં જાગ્યો. તે દહાડાની સરલ વિશ્વાસુ હૃદયની અભિમાની બાળક વહુમાં અને આજની આ પ્રૌઢ, સ્વામીના પ્રેમથી વંચિત, કચરાયલા પ્રાણવાળી રાજરાણીમાં કેટલો તફાવત છે. આજે આ મર્માહત ગર્વિત કમળકુમારી નથી–તે દહાડાની પેલી એક કમળકુમારી નવો અવતરેલો કુમાર પાસે લઇને–પ્રેમપૂર્ણ ઉત્સુક હૃદયથી સ્વામીને માટે રાહ જોતી હતી, પ્રસવની વેદના તેના ખ્યાલમાં નહોતી, પુત્રનું મોં જોઇને સ્વામી કેટલા આનંદિત થશે–કેવા આનંદવાળા હૃદયથી તે નવા અવતરેલા કુમારને ખોળે લેશે–એના વિચાર કરીને હૃદયમાં સુખનો ઝરો વહેતો હતો. પરંતુ જ્યારે કલાક ગયો, સ્વામી આવ્યા નહિ, ત્યારે તે સુખ દુઃખમાં બદલાયું, રાણી મ્રિયમાન, દુઃખી થઇને પડી. એ ઘડી પછી એક દાસી આવીને બોલી, "રાણી ચંચળકુમારીને હમણાં જ એક પુત્ર થયો છે, મહારાજ તેના પગમાં અમર કવચ બાંધે છે ત્યાંથી અહિં આવવાના છે."

પહેલાં મોટો કુંવર જન્મવાથી તેના પગમાં અમર કવચ બાંધવાની મેવાડના રાજકુલની રીતિ છે. એનાથી મોટા કુંવરને તેના ભવિષ્ય વારસા તરીકે ગ્રહણ કરવામાં આવેછે. જ્યારે કમળકુમારીએ સાંભળ્યું,–મોટા છોકરાને બદલે ગેરવાજબી રીતે નાનાના પગપર તેણે તે કવચ બાંધ્યું છે–ત્યારે એક જાતના તીવ્ર કષ્ટથી તેનું હૃદય સળગી ઉઠ્યું, માનાં આંસુનાં પાણીથી તે દહાડે નવો અવતરેલો બાળક પહેલા અભિષેક થયો, રાણીએ પહેલા જાણ્યું કે સ્વામીના હૃદયમાં હવે મારી જગા નથી, સ્વામી હવે મને ચહાતા નથી. પહેલાં કોઈ વખતે આવો સંદેહ ઉત્પન્ન થયો નહોતો તેમ નહોતો, પરંતુ પળમાં તે જતો રહેલો

હતો, તે સંદેહને માટે પોતાનો દોષ સમજીને આખરે પોતે પોતાનો ધિક્કાર કરતી હતી–પરંતુ આજે તે સંદેહ સત્યરૂપથી તેના હૃદયમાં ઠસાયો, મર્યાહત થઇને રાણી મરવા જેવી થઇ પડી. જ્યારે સ્વામી પુત્રને જોવા આવ્યા ત્યારે કમળકુમારી કંઇ પણ બોલી નહિ, તેને જોઇને તેની છાતી ચીરાતી હોય એવું જણાયું. તેના કેટલાક દિવસ પછી એક ખુમાટો સાંભળ્યો કે મહારાજે જાણીને નાનાને કવચ બાંધ્યું નહોતું, ચાકરોના કહેવાની ગડબડથી ચંચલકુમારીનો પુત્ર પહેલા અવતર્યો છે તેવું સમજીને ભૂલથી તેને કવચ બાંધ્યું હતું. એ કહેવું ખરૂં છે કે નહિ તે કમળકુમારીએ આજ સુધી કદી રાજાને પૂછ્યું નહોતું. જેને પ્રેમ કરવાનો વિશ્વાસ નથી, જેની પાસે જવાથી નવા કષ્ટનું કારણ મેળવીને હૃદય વ્યથિત થઇ જાય, તેને આ વાત પૂછવામાં મનનું બળ શું રહેવાનું છે ? જેટલીવાર તે એ વાત ઉપાડવા ગઈ હતી, તેટલીવાર તેને એટલું દુઃખ ખમવું પડયું, તેટલીવાર તે તે વાત બીજી વખતે કહેવાને રાખતી. બીજી વાત કહીને પાછી આવતી. પરંતુ આટલા દહાડા પછી કવચ બંધનની ખરી મતલબમાં હવે તેનો સંદેહ રહ્યો નહિ, જ્યારે સાંભળ્યું કે ખરેખર જયસિંહને મહારાજ રાજગાદી આપેછે, ત્યારે હવે તેણે પોતાના સ્ત્રીપણાનું અભિમાન મનમાં રહ્યું નહિ, ત્યારે તેના ફક્ત મનમાં રહ્યું કે હું ભીમસિંહની મા છું, મારા જેવી અભાગિયણના પેટે જન્મીને તે અભાગિયો છોકરો પોતાના વાજબી હકથી દૂર થયો છે ! તે દહાડે રાણીનું દુઃખ ગુસ્સામાં ફેરવાઇ ગયું, તે દહાડે તે હવે બધું ભૂલીને છોકરાનો વાજબી હક મેળવવા માટે ઉભી રહીને સ્વામીની જોડે લઢવા આવી. પરંતુ વાતના પ્રસંગમાં જ્યારે ફરી પુત્રના જન્મનો બનાવ તેના મનમાં આવીને ઉભો રહ્યો, ત્યારે એકદમ તે એવી વિહ્વલ થઈ પડી કે, તેના આંખની ક્રોધ–જ્યોતિ પાછી અભિમાનના અશ્રુજળમાં મળી ગઇ. પરંતુ વધારે વખત તેનો તે ભાવ કાયમ રહ્યો નહિ, પળમાં પોતાને સંભાળીને રાણી ગુસ્સાવાળા અવાજથી બોલી, "જો તમે ખરૂં કહેતા નહિ ડરતા

હો તો મોટા પુત્રને મળવાનું કવચ નાનાને પહેરાવીને ખરૂ કારણ છુ-પાવી લોકોને બીજી રીતે શા માટે સમજાવ્યું ?"

રાજા ગુસ્સે થઇને બોલ્યો, "હું શા વિચારથી શું કામ કરૂં છું–તે લોકોની પાસે કહેતાં ફરવું એ મારા કર્તવ્યમાં સમાયલું નથી." તે છતાં લોકો જો મારા મનની વાત સમજવા જતાં બીજી રીતે સમજે તો ભલે. તેને માટે હું જુમેદાર થઇ શકતો નથી. જો તે દિવસે લોક ભયથી ખરી વાત છુપાવત તો આજે પણ લોકભયથી જયસિંહને રા-જત્વ આપવામાં સંકોચાત. તે વેળાએ જો કોઇ રીતથી લોકો ભૂલ સમજ્યા હોય તો હમણાં તે ભૂલ સુધારશે. મારૂં રાજ્ય છે હું જેને ચાહીશ તેને આપીશ–તેને માટે હું લોકોનો ડર રાખતો નથી, લોકોને તેમાં કંઇ પણ બોલવાનો અખ્તિયાર નથી.

રાણીથી હવે ખમાયું નહિ, બિછાનાપરથી ઉઠીને ઉત્તેજિત કંઠથી બોલી, "નહિ મહારાજ! તેવું ધારતા ના, રાજ્ય તમારૂં તેથી મરજીમાં આવે તેને આપવાનો અધિકાર તમારો નથી, તમે ન્યાયાધિશ થઇને અન્યાય કરવામાં તમારી શક્તિ નથી, રાજા થઇને તમે નિયમ ભંગ કરી શકતા નથી, રાજા થઇને જે નિયમ તોડેછે, જે અન્યાય કરેછે તે રાજા નથી, તે સ્વેચ્છાચારી, તે અધર્માચારી છે. તેનું દાન બીજા ગમે તે ગ્રહણ કરે તો ભલે પણ મારો પુત્ર તે ગ્રહણ કરશે નહિ. જ્યારે પોતાના બળથી પોતાને મળવાનું રાજ્ય મેળવશે ત્યારે જ એ રાજ્ય તેનું છે. નહિ તો તમે આપવા છતાં હમણાં તમારા હાથથી એ રાજ્ય ગ્રહણ કરશે નહિ, પરંતુ મહારાજ તમારા આ અન્યાયાચરણથી જ્યારે હજારો નિર્દોષી પ્રજાના રક્તથી પ્લાવિત થઇને દેશ ઉજડ થશે, ભાઇના લોહીના કલંકથી મેવાડના ભવિષ્યદ્દવંશ હમેશાંને માટે કાળી ટીળીવાળો થઇ પડશે, ત્યારે બીજાને દોષી કરશો ના, તે વેળાએ મનમાં લાવજો કે તે તમારાજ કામનું એ ફળ છે, તમારા પાપનું ફળ છે. મહારાજ, જે સૂર્યવંશના રાજા દશરથે સત્યને માટે, ન્યાયને માટે જીવ જેવા વહાલા

રામને વનવાસ દીધો હતો, તે સૂર્યવંશમાં શું તમારો જન્મ છે? આજે તમે તે વંશનું નામ ડુબાડયું–પરંતુ જ્યાં સુધી આકાશમાં ચંદ્ર–સૂર્ય છે, ત્યાં સુધી અન્યાય આપીને ન્યાયને ડૂબાડી શકશો નહિ, સત્યના જયને હરકત પહોંચાડવામાં તમારી શકિત નથી."

સુસ્પષ્ટ ધિક્કારવાળા અવાજથી આવું બોલીને ધીરે પગલેથી ગર્વિત રમણી ત્યાંથી જતી રહી. તે રાત્રે તેણે ભીમસિંહની જોડે મેલાપ કર્યો નહિ, તેણે ધાર્યું કે બીજે દહાડે તેને બધું કહીશ.

૨

રાણી જતી રહી, તેના તિરસ્કાર વજ્રના સુર રાણાના મગજમાં લાગટ વાગવા લાગ્યા–લાગટ તે સાંભળવા લાગ્યો "જે વંશમાં દશરથે સત્યને માટે, ન્યાયને માટે જીવ જેવા વહાલા પુત્રને વનવાસ આપ્યો હતો તે વંશમાં શું તમારો જન્મ થયો છે?" રાણાનું માથું ફરવા લાગ્યું, મહારાજાધિરાજ રાણા રાજસિંહ આજે નાના છોકરાના જેવો અધીરો થઇને બોલ્યો, "છિ છિ શું કર્યું છે, સત્યના વંશમાં જન્મ લઇને સ્નેહના પગ નીચે ન્યાયને વિસર્જ્જન કર્યું? ભગવાન! આ અકલંક સૂર્યવંશમાં કાળીટીલી આપવા માટે જ શું આ કુલાંગારને આ વંશમાં મોકલ્યો છે!

મહારાજની આંધળી આંખ આજે એકદમ ઉઘડી ગઇ છે, આટલા દિવસ તેણે આ વિષે આવીરીતે કદીપણ વિચાર કર્યો નહોતો તે વિચાર કરતો હતો કે જ્યારે ભીમસિંહ જયસિંહ એક જ દહાડે જન્મ્યા છે ત્યારે મોટા નાનાના હિસાબથી કોઇને રાજ્યપર હક જન્મ્યે નથી, તેનું રાજ્ય તે જેને ધારે તેને આપી શકે છે. સ્નેહમાં આંધળો થઇને તેણે બીજી બાજુએ કંઇપણ જોયું નહિ. એ વિષે તેના મનમાં આવતું નહોતું, આજ અતિ ભીષણ રૂપથી તે ભ્રમ તે મોહ તેનો જતો રહ્યો. આખી રાત રાજસિંહને ઊંઘ આવી નહિ, આખી રાત ચટપટમાં તેણે ગાળી, પ્રભાત થતાં જ પહેરેદારને બોલાવ્યો, યુવરાજ ભીમ-

સિંહને અહિંયાં આવવા કહે “ યુવરાજ ભીમસિંહ ! ” પહેરેદાર આશ્ચર્ય પામ્યો. તેઓ જયસિંહને યુવરાજ તરીકે જાણતા હતા. “ જેવો હુકમ મહારાજ ” બોલીને બહાર આવીને એકવાર આશ્ચર્ય અવાજથી ‘ હુમ ’ કહી લીધો, ત્યાર પછી દાઢી મુછના ઉપર જોરથી તાવ આપતો આપતો ભીમસિંહની પાસે તે ગયો. પિતાજી બોલાવે છે તે સાંભળીને ભીમસિંહને પણ આશ્ચર્ય લાગ્યું, તેને એ ઘણું નવાઇનું હતું. પિતાજીએ તેને કોઇ દહાડો પણ બોલાવ્યો હતો એવું તેને સાંભરતું નહોતું. ભીમસિંહે વિચાર કર્યો કે “ આ વળી શું ! જયસિંહને રાજા કરીને મને તેનો નોકર કરવાને કહેશે કે શું ? પરંતુ જ્યાં સુધી આ હાથમાં તરવાર પકડવાની શક્તિ રહેશે ત્યાં સુધી જયસિંહ રાજગાદી ઉપર બેસશે નહિ તે હમણા સુધી કદાચ તેઓ જાણતા નહિ હશે. ” પિતાનું પક્ષપાતપણું યાદ લાવીને ભીમસિંહ ગુસ્સે થયો, એકવાર વિચાર કર્યો કે, “ જાઉં નહિ ” વળી વિચાર કર્યો, “ નહિ પિતાજીની આજ્ઞા ઉથાપવી નહિ જોઇએ. ” ભીમસિંહ ઘણો ક્રોધાયમાન થઇને પિતાની પાસે આવ્યો—પરંતુ જ્યારે રાણાના ઉપર તેની નજર ગઇ, રાજાના ચહેરા ઉપર અસ્વાભાવિક દિલગીરી જોવા પામ્યો. પિતાની ચિંતાતુર આંખની સ્નેહ દૃષ્ટિ પોતાના ઉપર પડેલી જોઇ, ત્યારે ભીમસિંહે તે ગુસ્સો કયાં દાબી દીધો તેનો વિચાર કરતાં પત્તો મળ્યો નહિ. ક્રોધ, બદલો લેવાની ઇચ્છા તે વેળાએ પળમાં લય થઇ ગયાં, આખા હૃદયમાં કેવળ એક દુ:ખનો ભાવ—કષ્ટના ભાવના શિવાય બીજુ કંઈ જ રહ્યું નહિ. ભીમસિંહનો ક્રોધ વિનાનો પ્રશાંત, સમાન પૂર્ણ ભાવ જોઇને રાજા મૂઢ થઇ ગયો. તે આવો ભીમસિંહને જોશે એવું ધાર્યું નહોતું, તે ભીમસિંહને નહિ જોતા અવાક થઇ ગયો. પોતાના ગેરવાજબી ન્યાયથી, બદ્ધ ભ્રુકુટિ, ગુસ્સાવાળા ચહેરાના ભીમસિંહને બદલે તેના પોતાના સ્નેહમય બાળક પુત્રને પૂર્ણ સંમાનથી નમન કરતાં જોઇને તે અવાક થઇ ગયો. પુત્રના તે સંમાન, તે પ્રશાંતના તે ભક્તિના ભાવે રાણાના હૃદયમાં

અનુતાપની આગ સળગાવી મૂકી–ભીમસિંહના હજારો ભ્રુકુટિ હજારો જાતના ગુસ્સાથી તે કરી શકત નહિ. શરમથી, અનુતાપથી રાજા હવે તેની તરફ જોઇ શકયો નહિ, માથું નીચું ઘાલીને ધીરે ધીરે તે બોલ્યો, "બેટા ભીમસિંહ!" તે સ્નેહના સ્વરથી ભીમસિંહ ચમકયો. મહારાજે તો કદીપણ તેને આવી રીતે લાડથી બોલાવ્યો નહોતો. આજ સુધી તે પિતાની પાસેથી અનાદર પામતો આવ્યો છે. તેના મનમાં આવ્યું કે નાનપણમાં એક દહાડો બે ભાઇઓ બગીચામાં રમતા હતા, ત્યારે રાણા તે બગીચામાંથી જતી વખતે જયસિંહને લાડ લડાવીને ગયો, પરંતુ તેની જોડે એક પણ બોલ બોલ્યો નહિ, અભિમાની બાળક ત્યાંથી જઇને માના ખોળામાં મોં છુપાવીને ઘણો રોયો હતો પરંતુ રોવાનું કારણ માને પણ તેણે કહ્યું નહિ. ત્યારપછી મોટો થઇને ડગલે ડગલે પિતાનો પક્ષપાત જોતો આવતો હતો. બાકી જે હતું તે પણ રાણા જયસિંહને રાજગાદી આપીશ કહીને પૂર્ણ કર્યું છે. ભીમસિંહને માટે તેના પિતાના હૃદયમાં એક બિંદુ સ્નેહની જગા છે તે ભીમસિંહ આજ સુધી ધારતો નહોતો–એકદમ આટલે દહાડે આજે જ્યારે પિતાએ સ્નેહથી બોલાવ્યો–"બેટા ભીમસિંહ!" ત્યારે તેનું હૃદય ઉછળી પડ્યું, કંપિત અવાજથી ભીમસિંહે કહ્યું, "પિતાજી!" આટલા દિવસથી તે મહારાજ તરીકે સંબોધન કરતો હતો. મહારાજ તેની સામુ જોઇને બોલ્યો, "બેટા! મેં તારી ઉપર ઘણો ગેર ઇનસાફ કર્યો છે–મને ક્ષમા કર." ભીમસિંહના વીર નેત્રમાંથી અશ્રુબિંદુ ઝર્યાં, એ આંસુ છોકરાના અભિમાનનાં આંસુ હતાં, પિતાએ તેના ઉપર જે અન્યાય કર્યો છે તે આટલે દહાડે તે સમજવા પામ્યો છે, આટલે દહાડે તેણે પોતાના પુત્રને સ્નેહ આપ્યો–તે આહ્લાદમાં તેનું અભિમાન હવે રહ્યું નહિ, આવો ભાવ પહેલા તેણે કદી પણ અનુભવ્યો નહોતો. ઉછળતા ચિત્તથી તેણે મનમાં ને મનમાં કહ્યું, "પિતાજી તમારા સ્નેહપર સંદેહ લાવીને આટલા દિવસ સુધી હું છેટે ને છેટે જો નહિ રહેત તો શું તે સ્નેહ ગુમા-

વત પિતાજી ? તે માટે હું જ તમારી પાસે દોષી છું, તમે મને ક્ષમા કરો. ” ભીમસિંહને મુંગો થયલો જોઇને રાજા બોલ્યો, “ બેટા ! તું જો ક્ષમા નહિ કરી શકે તો હું આ અપરાધનું પ્રાપશ્ચિત્ત કરીને મારા અંતર–દેવતાની પાસે, મારા ઇશ્વરની પાસે દોષથી મુક્ત થઇશ. તું મારો મોટો કુંવર છે, તારો ન્યાયનો હક હું તને આપીશ, રાજ મુકુટ તારા માથાપર શોભશે બેટા. પરંતુ હું આપ્યા છતાં પણ સામે એક મોટી હરકત છે. જે જયસિંહને વાજબી મળવું નહિ જોઇએ. મારા દોષથી તેણે મેળવવાની આશા રાખી છે, હવે એકદમ નિરાશ થઇને તે કંઈ થોડામાં છુટે એમ નથી–રાજ્ય મેળવવામાં દેશની ખરાબી કરી મૂકશે–તેનો છુટકો એકના શિવાય બીજો નથી ” આવું કહીને રાજસિંહે પોતાની કમરમાંથી તરવાર મ્યાનમાંથી કાઢીને ઝાલી. પ્રભાતનાં કિરણ તેના ઉપર ઝગ ઝગ કરવા માંડ્યા, તેણે તે ભીમસિંહના હાથની પાસે ઝાલીને કહ્યું, “ લે બેટા–આ તરવાર તેની છાતીમાં ભોંકી આવ. એક જણના લોહીથી હજારો પ્રાણીના લોહી પડતા રોક, અન્યાયના પતનથી વગર હરકતે ન્યાયનો જય થાઓ, બેટા ધ્રુજીશ મા, કઠોર કર્તવ્યની પાસે માબાપ, ભાઇ બહેન, સ્ત્રી પુત્ર, સ્નેહમમતા કોઇની જગા નથી”–રાજસિંહનો અવાજ કાંપવા લાગ્યો; એ સત્યની ભીષણતા તે હૃદયના પોપડે પોપડે અનુભવતો હતો; ભીમસિંહ ચિત્રાર્પિતના જેવો ઉભો રહ્યો. મહારાજના મનની દારૂણ અવસ્થા ચિત્રના જેવી તેની પાસે સુસ્પષ્ટ થઇ, કર્તવ્યને માટે તે પોતાના જીવથી વધારે પ્યારા ધનને વિસર્જન આપેછે–તે તેણે પ્રત્યક્ષ કર્યું. પિતાની તે ઉદારતા, તે મહત્વ પુત્રના મર્મે મર્મે પ્રવેશ કર્યો–તેની પિતૃભક્તિ હજારો ઘણી વધી પડી, ભીમસિંહે જાણ્યું કે રાણા જે તરવાર જયસિંહની છાતીમાં ભોંકવાને આપે છે તે ખરીરીતે જોતાં પોતાની છાતીમાં ભોંકવાને આપે છે. મોંમાંથી હવે ભીમસિંહનો એક બોલ પણ નીકળ્યો નહિ, મનમાંને મનમાં બોલ્યો, “ પિતા તમે દેવતા છો. ”

રાજસિંહે પુત્રને મુંગો થયેલો જોઇને ફરી કહ્યું, " બેટા ! મુંઝીશ ના, એ હત્યા કરવામાં પાપ નથી, ન્યાય સિદ્ધિને માટે, દેશના ભલાને માટે તું આ કામ કરેછે–જો તેમાં પણ પાપ થાય તો તે પાપ તારૂં નથી, તે પાપ મારૂં છે. મારી આજ્ઞાથી તે તું કર. " ભીમસિંહના મોંમાંથી બોલ નીકલ્યા-ભીમસિહે પિતાના હાથમાંથી તરવાર લઇને તેના પગ નીચે મૂકીને બોલ્યો, " પિતાજી ! તરવાર પાછી લ્યો–એની મારે જરૂર નથી, આપે મારા ઉપર જે અન્યાય કર્યો હતો તેનું યથેષ્ટ પ્રાયશ્ચિત કર્યું છે, આપનું કર્તવ્ય આપે પૂર્ણ રીતે પાળ્યું છે–હવે મારૂં કર્તવ્ય હું પાલીશ, મારાથી જેના યોગે રાજ્યનું એક ટીપુ લોહીનું નહિ પડે, જેનાથી કણ માત્ર પાપની ચિંતા પણ જયસિંહને સ્પર્શ નહિ કરે તે જ મારૂં કર્તવ્ય છે, તે જ હું કરીશ, આપે આજે મને જે અધિકાર આપ્યો છે–મારો તે અધિકાર મેં આજે જયસિંહને આપ્યો. આજથી રાજ્ય વાજબી રીતે તેનું થયું, અહિંયાં રહેવાથી કોણ જાણે જો મોહથી કદિ રાજ્ય લોભ આવી પડે–તેથી હું મેવાડ છોડીને જઇશ. આજે આપે જે સ્નેહ આપ્યો છે, જે ઉચ્ચ શિક્ષણ આપ્યું છે, તે દુર્લભ સંપત્તિ હૃદયમાં લઇને હું આજે જ જન્મ ભૂમિ ત્યાગીને જઇશ–એનાથી જો ઉલટું બને તો હું આપનો કુંવર નથી. "

રાણાને બોલવાનો વખત નહિ આપતાં ભીમસિંહે પિતાના ચરણને સ્પર્શ કરીને આ અંગીકાર કર્યો–મહારાજ સ્તંભિત થઇને ઉભો રહ્યો.

તે દહાડેજ ભીમસિંહે પોતાને હાથે જયસિંહને રાજમુકુટ પહેરાવીને તેના પોતાના પ્રિય સૈન્ય સામંત દલબળ લઇને દેશ ત્યાગીને ચાલ્યો ગયો–ત્યાર પછી કદીપણ તે પાછો આવ્યો નહિ. ઘણા દહાડે તેના સોબતીઓમાંના ઘણાંક મેવાડમાં આવ્યા પરંતુ તેને લઇને નહિ પણ તેના મરવાના સમાચાર લઇને આવ્યાં.

મરાઠાનો બોલ.

૧

મોંએ ગાળોનો વરસાદ થતો હતો અને વીસ પચીસ માણસો એક સરખા તેને મારવાને આતુર થઇ પડ્યા હતા.

"માર, માર સાળાને, શામાટે અમારી દુકાન ઉપર આવી પડ્યો?"

"મને જરા તેની તરફ જવા દે એટલે જોઇશ કે તેઓ કોણ છે. દેખાડું તેને મારી આ છુરીમાં શું પાણી છે તે."

"હે, બદમાશ, અમારા કેળા પાડ્યા તેની જે અવસ્થા થઇ છે તેવી જ હું તારી કરી નાખું છું, તું શું સમજે છે?"

આવી રીતના બોલ સુરત શહેરના ચઉટામાં વીસ પચીસ મુસલમાનોના મોંમાંથી નીકળતા હતા તથા એક દુકાનની પાસે ઘણી ભીડ જામી હતી.એ ઉદ્ગાર રસ્તામાંથી જનારા એક અંગ્રેજના તથા તેના બે પંજાબી નોકર હતા તેના કાનમાં પડ્યા. સહજ "એ શું છે" એવું મનમાં આવ્યાથી જૉન રો તે ભીડમાં ગયો.

જૉન રો સુરતમાં વેપાર કરવા માટે તરતનો જ આવેલો હતો. તે વખતે (અમે હમણાં જે વાત કહીએ છીએ તે ઘણા વર્ષોની પહેલાની છે) હિંદુસ્થાનમાં અંગ્રેજો ઘણા જ થોડા હતા. સુરતમાં ત્રણ કે ચાર હતા. તે પણ બાદશાહના મોટા ધિક્કારથી "ભલે રહે? અમારૂં શું કરનારા છે? તેઓએ પોતાનું સંભાળવું, લોકોએ ત્રાસ આપ્યાથી તેને માટે ફરિયાદી ચાલવાની નથી." એવું કહીને વેપારને માટે રહેવા દીધા હતા, અને તેઓની હાલત ખરેખરી એવી આશ્ચર્યકારક હતી કે દહાડે તેઓને બજારમાં ફરવાની હિમ્મત આવતી નહોતી. કોઇ વખતે એકાદો મુસલમાન "અરે જુઓ આ બદમાશ ફરંગી કાફર જાય છે, પકડો ગુલામને" એવું કહીને પછવાડે લાગશે અને ક્યારે નહિ તેનો કંઇ નિયમ નહોતો. અને એક વખત કોઈ એવો પછવાડે લાગ્યો કે,

પછી કેટલાક તેની પછવાડે લાગશે અને કેટલા નહિ લાગશે તેનો પણ નિયમ નહોતો. છાણ, માટી, ગટરનો ગંધવાડ, કચરો, રસ્તામાં સડેલો ભાજી પાલો, માંસ—જે કંઇ જોઇએ તે પછી તેના શરીર ઉપર પડવાનું જ ઠીક, તેને માટે દરબારમાં ફરિયાદ કરવા જતાં પણ ત્યાં કોઇપણ ફરિયાદ સાંભળનાર મળતા નહોતા. સારાંશ, તે વખતે એટલે સવાબસો અઢીસો વર્ષ ઉપર ફિરંગી લોકોની આવી સ્થિતિ હતી. ઉપર કહેલો વેપારી જૉન રો આટલું ખમીને પણ સુરત શહેરમાં વેપારને માટે રહ્યો હતો, પરંતુ દહાડે બહાર જઇને જોવાનો લાગ નહોતો, તેથી તે પોતાના ઘણા જ વિશ્વાસુ બે પંજાબી નોકરોને લઇને રાતે જ બહાર નીકળતો હતો તથા તે રોજના નિયમ પ્રમાણે આજે ફરવા નીકળ્યો હતો.

ઉપર લખેલી રીતની બોલચાલ સાંભળીને જૉન રો તે ભીડમાં ગયો અને તે વખતે તેની નજરમાં નીચલો બનાવ જણાયો.

એક ઉંચો તથા ભવ્ય માણસ વૈરાગીના વેષમાં વચ્ચમાં છે તથા તેને મારવા માટે તેની આસપાસ ઘણા દુકાનદારો ઉભા છે. તે ફકીરના હાથથી અપરાધ એટલો જ થયો હતો કે તે એક દુકાનદારની પાસે ગયો હતો તેની કેળાની ટોપલી તેના ધક્કાથી પડી ગઇ હતી. તેટલા માટે કેટલાક માણસો વાંસની લાકડીઓ લઇને, કેટલાક સોટા લઇને, કેટલાક ચાકુ લઇને તેના ઉપર હલ્લો કરવાનો ડર આપતા હતા. કેટલાકો પછવાડેથી પથ્થર માટીના ઢેફાં મારતા હતા અને કેટલાક છાણ ગટરનો ગંદવાડ વગેરે ફેંકતા હતા.

આટલી સ્થિતિ ચાલેલી છતાં પેલો વૈરાગી કોઇને પણ દાદ આપતો નહોતો એવું કહેવામાં આવે તો ચાલે. પોતાના હાથમાંના શોટાથી તે મોટી કુશળતાથી બધાના ઘા ચુકાવતો ઉભો રહ્યો, પરંતુ આવી સ્થિતિ કેટલો વખત ટકે વારૂ? તે બિચારો એકલો પડ્યો અને તેના ઉપર હલ્લો કરનાર પચાસ માણસો? તેના શિવાય તેના હાથમાં શોટાના વિના બીજું હથિયાર નહોતું. એવું ચાલેલું છે, એટલામાં પછવાડેથી એક

પથ્થર આવીને તે પેલા વૈરાગીના માથાપર લાગ્યો, અને સારો ઘા પડીને તેમાંથી લોહી વહેવા માંડ્યું. તે બિચારો ફકીર તે લોહી બંધ કરવા માટે સારીરીતે દાબીને પોતાની કફની ત્યાં મૂકે છે એટલામાં બીજો પથ્થરો કાનની પાળ ઉપર પડ્યો. તેથી તેને ચકરી આવીને જમીન ઉપર પડ્યો, એટલામાં જૉન રોને સાહજિક રીતે દયા આવ્યાથી તેણે આગળ વધીને તેની સારવાર કરવા માંડી. તેથી તેના ઉપર બધા ગુસ્સે થઇને બધા ફિરંગીને મારવા તૈયાર થયા પણ રો સાહેબના નોકરોએ તથા રોએ પોતે પોતાના હથિયાર કાઢીને તેઓને નસાડયા. તે ત્રણની એક સરખી ધુમ પડી હતી. પછી પૂછવું શું ? બજારમાં બધા ચારે તરફ નાસવા લાગ્યા. એ પ્રમાણે બધા લોકોને હાંકી મૂકયા પછી પાછો પેલા વૈરાગીની પાસે આવ્યો, તે વેળાએ પેલો વૈરાગી ઉઠીને ઉભો રહીને શું થાય છે તે જોતો હતો, રો પાસે આવતાં જ તે ગંભીર વાણીથી બોલ્યો, " ફિરંગી, તમે આજે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. તું મોટો શૂરવીર જણાય છે. જો તું મદદ નહિ કરત તો આજે આ બખેડો કરનારા બદમાશોએ મને ઘણું દુઃખ આપ્યું હોત. જો તું તારૂં નામ મને કહે તો સારૂં થશે. હું સારીરીતે યાદ રાખીશ."

ઉપલા શબ્દો પેલા ફકીરે એવા ગંભીરપણાથી કહ્યા કે કંઇ પૂછવું નહિ. તેના ધંધાને તથા પોશાકને બોલવાની ગંભીરાઇ જ વિરૂદ્ધ હતી; તેથી તે શબ્દ સાંભળતા જ એ કોણ છે એવું મનમાં આવતાં જ રો એકદમ આશ્ચર્યચકિત થઇને ઉભો રહ્યો. ત્યારપછી તેણે પોતાનું નામ ગામ તથા ધંધો પેલા વૈરાગીને કહ્યો. પેલા ફકીરે તે નામ એક વખતે ઉચ્ચાર્યું, જાણે બરાબર ધ્યાનમાં રહે તેથી તેણે તે મોંએ કર્યું. ત્યારપછી મોટી ઉત્સુકતાથી તેણે રોનો હાથ મજબુત પકડ્યો, તે એટલો બધો કે રોને મોટું આશ્ચર્ય લાગ્યું. પેલા ફકીરનો બાંધો તો તદ્દન પાતળો જણાતો હતો, પરંતુ હાથ પકડ્યો હતો તેના ઉપરથી તેની શક્તિ ઘણી હોવી જોઇએ એવું માલમ પડ્યું. રો આશ્ચર્ય કરતો હતો

એટલામાં પેલા વૈરાગીએ ફરી ગંભીરપણાથી કહ્યું, "ઠીક છે. હવે હું તમારૂ નામ કદી ભૂલીશ નહિ. આજથી આઠ દિવસ થશે નહિ એટલામાં જ ઉપકાર અથવા અપકાર–કંઇ પણ હો, ખરા મરાઠાની એ વાત જ સારીરીતે યાદ રહે છે તેનો પ્રત્યક્ષ અનુભવ તમને થશે."

આ બોલવાનો અર્થ શો છે? અને આ બધું શું છે એવું માલમ પડ્યું તેથી આશ્ચર્યચકિત થઇને રો જુએ છે તો વૈરાગી પોતાની નજરથી બહાર ચાલ્યો ગયો.

૨

ઉપર કહેલી વાતને બરાબર ત્રણ દિવસ થઇ ગયા છે ચોથે દિવસે સાંઝે રો નિત્ય પ્રમાણે સાંઝની વખતે ફરવા નીકળવાની તૈયારી કરે છે. હવે બહાર નીકળશે, એટલામાં તેના પેલા પંજાબી નોકરોમાંથી એક દોડતો દોડતો તેની પાસે આવ્યો, અને બોલ્યો, "સાહેબ, સાહેબ, આપણા વખારના દરવાજા વગેરે બંધ કરીને નોકરોને હથિયારો આપીને તદન તૈયાર થઇને બેસાડી રાખવા જોઇએ, ત્રણ દિવસ ઉપર બજારમાં જે લોકોની પછવાડે આપણે થયા હતા, તે લોક આજે રાત્રે આપણી વખાર ફોડવાના છે એવી ખબર ખાત્રી પૂર્વક મળી છે."

ખબર તો ગભરાટ ઉત્પન્ન થાય એવી જ હતી; તેથી રોએ પોતાના પંજાબી નોકરને–ખબર ક્યાંથી મળી, કોણે આપી વગેરે પૂછ્યું; પરંતુ પેલા પંજાબીએ ફક્ત એટલું જ કહ્યું કે, "એક નાનો છોકરો ગભરાતો ગભરાતો આગળ પાછળ જોઇને છુપી રીતે આપણા ઘરમાં આવીને તેણે આજે તમારી વખાર ઉપર પેલા બજારના માણસો હલ્લો કરનાર છે, તેમાંથી એકે તે દહાડે આગળ વધીને બધાને એકઠા કર્યા અને આ ઠરાવ કર્યો છે, આજે તે ખાસ અહિં લાવનાર છે, તમે સંભાળજો આટલું કહ્યું બીજું કંઇ હું પૂછવા જતો હતો તેટલામાં પેલો છોકરો નાશીને ક્યાંનો ક્યાં જતો રહ્યા તેનો પત્તો મળ્યો નહિ."

કદાચિત્ એ કંઇ અમસ્તુ ખોટું હશે, એવું રોના મનમાં આ-

ચ્યું; તથાપિ પોતાની તૈયારી કંઇ નકામી જશે નહિ, એવો વિચાર કરીને તેણે તરત સર્વ વ્યવસ્થા કરી, એ અમસ્તો બે ભરૂસાવાળો તથા કંટાળીને પોતાના ઉપર તથા પોતાની વખાર ઉપર નકામુ સંકટ શામાટે ખેંચી લાવે ? થોડા અરસામાં બધા દરવાજા બંધ કરીને તથા બધા માણસોને હથિયાર સજાવીને બેસાડયા અને લુટનારાઓની રાહ જોતા બેઠા.

સૂર્યાસ્ત થઇને ઘણોજ વખત થયો, અંધારૂ પડ્યું, કોઇ જગાએ હાલચાલ જણાતી નથી, મધ્યરાત સુધી રો જાગતો રહીને તે ચોરની રાહ જોતો હતો. આખરે તેને એવું જણાયું કે, તે ખબરમાં કંઇ જ અર્થ નથી એટલામાં બજારની બાજુએ કંઇક ચમત્કારિક શબ્દ સંભળાયેલા જણાયા. તે અવાજ વારંવાર વધારે વધારે મોટેથી સંભળાવવા લાગ્યો, થતાં થતાં તેના ઘરની તરફ મુસલમાનોની ઘણીજ ભીડ થઇ. બધાના હાથમાં નાના પ્રકારના હથિયારો અને મોં પર દીન દીન શબ્દ ચાલેલા હતા.

ત્યાર પછી જે કંઈ થયું તે રોને સ્વપ્નાના જેવું જણાયું. પોતાના દરવાજાપર પથ્થરાના, સોટાના, કુવાડાના, વખતો વખત ગોળી બારોનો પણ મારો ચાલેલો છે એટલું જ તેને જણાયું. રાત્રિ બહુ અંધારી હતી. એક જ અંધારૂ છાઇ ગયેલું હતું. રોના નોકર ચાકરોએ પણ ઘણી જ ઇમાનીથી તથા મોટી બહાદુરીથી લઢ્યા પણ તે એવા કેટલાક હતા ! બહારના બસો માણસોની જોડે—અને તે પણ તે વખતે તદ્દન હથિયાર બંધ થઇને આવેલા હતા—તેમાં વીસ પચીશ માણસોનો કેટલો ટકાવ થનાર હતો ? તથાપિ તે પોતાની તરફથી વાઘના જેવા લઢ્યા. આખરે પછવાડેથી એક ગડબડ મચી રહેલી હતી, હલ્લા કરનારા માણસો વધારે વધારે એકઠા થવા લાગ્યા. આખરે તેઓએ ઘરને તથા વખારને આગ લગાડવાનો મનસુબો કર્યો અને તેઓએ આગ સળગાવી. તેઓએ એક બે દરવાજા ભાગ્યા હતા તેનાં લાકડાં એકઠાં કરીને મોટા દરવાજાની પાસે ઢગલો કર્યો. તેના શિવાય ચારે બાજુએથી લોકોએ ઘાસ, સૂકાં છોડીઆં તથા ચીથરાં લાવીને તે

ઢગલાને સળગાવ્યો.

પરંતુ તે લાકડાનો ઢગ સળગીને એક બે જ્વાળા નીકળતાં નહિ નીકળતાં બીજી બાજુએ ગડબડ થતી સાંભળ્યાથી તેઓનું ચિત્ત તે તરફ લાગ્યું.

આ ગડબડ અહિંયાં ચાલેલી હોવાથી બે ત્રણવાર રોએ દૂર ક્યાં પણ ઘણી જ ભયંકર ગડબડ થાય છે એવું જાણ્યું, પરંતુ તે સર્વ પોતાની આસપાસ ચાલેલી ગડબડનો પ્રતિધ્વનિજ હોવો જોઈએ એવું તેને જણાયું. હવે તે ગડબડમાંથી "હર, હર મહાદેવ ! હર હર મહાદેવ !" એવો એક સરખો અવાજ વારંવાર વધારેને વધારે સંભળાવવા લાગ્યો. આ અવાજ કોનો તથા કેઇ વખતે સંભળાતો હતો, એ ઇતિહાસ વાંચનારને કહેવાની જરૂર નથી.

થોડા અવકાશમાં તે અવાજ હળવે હળવે પાસે સંભળાવવા લાગ્યો, અને એટલામાં કંઇક ભયંકર શંકટમાંથી છુટવા માટે જીવ લઇને નાસનાર લોકોનું એક ટોળું બુમો પાડતું પાડતુ આવતું જણાયું, અને તેટલામાં જ છેટે શહેરમાં આગનો ભડકો થએલો જણાયો. શહેરમાં આગ લાગી.

તે જોતાં જ રોના ઘર ઉપર હલ્લો કરનારા માણસો ગભરાઇને નાસવાના વિચારમાં પડ્યાં. તેઓએ અહિંયા સળગાવેલી આગથી દૂર રહ્યા. ફક્ત પેલા મરાઠાના "હર હર મહાદેવ !" પોકારો સાંભળતાં જ તેઓ ગભરાયા; કારણ કે તે બુમ વેળાએ મુસલમાનોને સેતાનની બુમ જણાતી હતી. બધા માણસો જીવ લઇને નાસવા લાગ્યા, અને તેઓએ તે વખતે નાસવાનો આરંભ કર્યો તે જ સારૂં થયું કારણ તેમાંથી છેલ્લો માણસ દેખાય નહિ દેખાય એટલામાં સફેદ પોશાક પહેરેલો ઠાઠથી ઘોડા ઉપર બેઠેલો, જેના હથિયારો ચકળતાં હતાં એવો કોઇ ભવ્ય મરાઠો તેની પછવાડે લાગેલો રોએ દીઠો. રોને પોતાના દરવાજાપરની આગ હોલવવાનો અવસર મળ્યો, તથા તેને જલદીથી હોલવી પણ નાંખી.

આખા શહેરને આગ લાગી, ને ચારે બાજુએ ગડબડ મચી રહી હતી, અને લુટફાટનો કેહેર થયો હતો. આવી રીતે આખી રાત થયું. બિચારો રો હવે પછી શું થશે અને કયાં શું થશે તેને માટે આશ્ચર્યમાં બેઠો હતો. ધીરે ધીરે પોતાના ઘરપર તથા વખાર ઉપર પણ આગ આવશે એવું તેને જણાતું હતું. શું કરે બિચારો? પોતે બરોબર પોતાના ઘરના છાપરા ઉપર બેસીને આસપાસ જે મોટી ગડબડ, બુમેબુમો ચાલી હતી તે સાંભળતો હતો અને આગના ભડકે ભડકામાં ઘરો સળગતાં હતાં તે જોતો હતો. પરંતુ ગમે તે હો, ઘણો વખત થયો તોપણ પોતાના ઘરની તરફ કોઇ આવતું નથી. આસપાસના ઘરો લુટવામાં આવે છે, પણ પોતાની વખાર તરફ કોઇ પણ જોતું નથી એ તેના લક્ષમાં આવીને તે ઘણો જ વિસ્મિત થઈ રહ્યો.

એટલામાં અરૂણોદય થયો. એ ઉધ્વસ્ત થયલા શહેરની રોપણી થયા પછી તે જગતની દૃષ્ટિમાં પડે તેથી કે શું સૂર્ય ઉપર આવવા લાગ્યો. એવામાં એક મરાઠા વીરની ટોળી રોના ઘર પાસે આવીને ઉભી રહી.

જૉન રો ગભરાઇ ગયો. હવે પોતાની વખારના બાર વાગશે એવી તેની પક્કી ખાત્રી થઇ, પરંતુ તે ટોળીનો ઝોક લુટ કરવા તરફ જણાયો નહિ. એ શું છે એવા વિસ્મયમાં રો નિમગ્ન હતો એટલામાં એકાએક "જૉન રો નામનો ફિરંગી ઘરમાં છે કે?" એવા ધીર ગંભીર વાણીથી ઉચ્ચારેલા શબ્દ તેને કાને પડ્યા, તે શબ્દ સાંભળીને રોને વિશેષ આશ્ચર્ય લાગ્યું, કારણ તે અવાજ પેલી બજારમાંના વૈરાગીના અવાજના જેવો આબેહુબ હતો; પરંતુ જેના મોંએથી તે શબ્દ નીકળ્યો હતો તે માણસની તરફ જોતાં તેના ચહેરામાં, પોશાકમાં, ઠાઠમાં કોઇ પણ રીતે વૈરાગીનું સરખાપણું કંઇ પણ જણાતું નહોતું. પેલા વૈરાગીના શરીર ઉપરના ભગવા કયાં અને આ રાજાના જેવા પુરૂષનો તદન સાદો પણ ઠાઠવાળો પોશાક કયાં?

થોડી પળમાં રોએ પોતે જવાબ આપ્યો "છે. હું પોતે છું. મારું નામ જૉન રો છે. આપ કોણ છો ?"

તેના ઉપર પેલા વીરે જવાબ દીધો, "પહેલાં તારો તથા મારો મેળાપ થયો હતો, તે વખતે હું વૈરાગી ગુરૂદાસ હતો. હવે હું આજે દક્ષિણનો રાજા શિવાજી ભોંસલે છું."

જે નામ સાંભળતાં જ આખા હિંદુસ્થાનમાં કેવળ ડર લાગે છે, જે મરાઠાના અભિમાનનું મહા સ્થાન નામ કાનપર પડ્યાથી તથા તે મૂર્ત્તિ જોતાં જ રો આશ્ચર્ય ચકિત થઇને તદ્દન મુગો બેઠો.

શિવાજી મહારાજ પછી બોલ્યા, "ઉપકાર અથવા અપકાર–ખરો મરાઠો કોઇ પણ વાત કદી પણ ભૂલનારો નથી એવું મેં તને પરમ દિવસે કહ્યું હતું જ. તું સંકટની વખતે મારો ઉપયોગી થયો. મારા ઉપર ઉપકાર કર્યો છે, તેનું ફળ આજે તું તદ્દન સુખરૂપ મારી સામે ઉભો છે, તારી વખારમાં જરા પણ દગો થયો નથી. જેણે મને તે દહાડે છજ્યો હતો તે આ બદમાશ જો ! તેઓનું હમણાં શું થશે તે હવે તને જણાશે." એવું કહીને તેણે ચાર પકડેલાને આગળ આણ્યા. તે થરથર ધ્રુજતા હતા. તેની તદ્દન ગળગળિત સ્થિતિ થઇ ગઇ હતી. તેની તરફ જોતાં જ તે દહાડે બજારમાંના માણસો હતા એવું તેને જણાયું.

પહેલાં તેનાં માથાં કાપવાનો તેનો વિચાર હતો; પરંતુ તે વખતે તેની તરફ જોતાં જ તેને ઘણી જ દયા આવી અને તેને ક્ષમા કરી તેઓને છોડી દો. આવી રીતે ઝાલીને દીન થયલા માણસને મારવા નહિ એવું કહ્યું, તથા તે માણસોને હાંકી મૂક્યા.

આખું સુરત શહેર મરાઠાઓએ લુટીને ખાલી કર્યું તે છતાં અંગ્રેજોની વખાર તથા ઘર બચ્યાં એવું આપણને ઇતિહાસમાં શીખવવામાં આવે છે તેનું કારણ ઉપલા જૉન રોનું વર્ત્તન છે.

રજપુતનું અભિમાન.

રજપુત રાજાના વંશમાં સ્ત્રીનું પાતિવ્રતનું કેટલું અભિમાન હતું, અને પોતાની સ્ત્રીઓને પતિવ્રતપણું રાખવા માટે રજપુત રાજાઓ તથા રજપુત ગરાશિયાઓ કેટલા તત્પર હતા, તે વિષયની ઘણી વાતો વાંચવામાં આવી છે. પરંતુ પોતાની દીકરી, છોકરાની વહુનું નહિ પણ તેનું શીલ પણ સારી રીતે રાખવામાં રજપુતમાંના સાધારણ માણસો—નીચલી પંક્તિના માણસો પણ ઘણા સખ્ત હતા. જાતિભ્રષ્ટ આ શબ્દ બોલતાં જ તેનું પિત્ત ઉછળીને પગના તળિયાની આગ માથા ઉપર જતી હતી. અકબર બાદશાહે કેટલાક રજપુત રાજાઓને તાબે કરીને તેઓની દીકરીઓને પોતાની રાણી કરી લીધી હતી, અથવા પછી બે ત્રણ પેઢી સુધી દરેક રાજપુત્રોને એક એક બે બે હિંદુ પત્નીઓ હતી. એટલાથી રજપુત તથા મુસલમાનો મિશ્ર થયાં હતાં તથા એકબીજામાં ખાવાપીવાનો તથા દીકરી આપવાનો ચાલ સારો થયો હતો એવું સમજવું નહિ. ગરીબ પ્રજાને તે મુદલે પસંદ નહોતું, અને પોતાની જાત વટાળ્યાથી તેઓને રાજાપર ગુસ્સો પણ થતો હતો. જેઓએ મુસલમાનને ઘેર પોતાની દીકરી બહેનને આપ્યાથી તેના વંશને ધીટકાર કરનાર બીજા ગરાશિયા, રાજાઓ કંઇ ઓછા નહોતા. રજપુતોને જાત વટલાવવાનો કેટલો ધિક્કાર હતો તે નીચલી વાર્તા ઉપરથી સારી રીતે સમજાશે.

આગ્રામાં પહેલા અકબરની રાજધાની હતી અને તેને અકબરાબાદ ઘણા દિવસથી કહેતા હતા. અકબરના વખતે તે શહેર ઘણું જ ગુલજાર હતું. એ શહેરમાં વખતસિંગ નામનો રજપુત વેપાર કરીને રહેતો હતો. પથ્થરના કામને માટે એ શહેર ત્યારથી ઘણું જ પ્રખ્યાત હતું. વખતસિંગના કુટુમ્બમાં ફક્ત ત્રણ જ માણસો હતાં. તે પોતે, તેની સ્ત્રી અને એક છોકરી. તેને ઘણા દિવસ છોકરૂં છૈયું નહોતું તેથી તે અને તેની સ્ત્રી ઘણા વર્ષો ઘણા દુઃખમાં હતા. છોકરો નહિ હોય

તો કંઇ ચિંતા નહિ પણ એક છોકરી થાય તો આપણે આનંદમાં રહીએ એવું તે જોડાને જણાવવા લાગ્યું. આખરે ઇશ્વરે તેઓની વિનંતિ સાંભળી તેઓને એક છોકરી થઇ. ઘણા દિવસે છોકરૂં થયું, તેથી છોકરો નથી તેને માટે દુઃખ નહિ થતાં એ બેઉને છોકરૂં થયું એટલાથી જ ઘણો આનંદ થયો, અને તેમની ગરીબી પ્રમાણે જેવો ઉત્સવ કરવો જોઇએ તેવો કર્યો. તે છોકરીનું નામ આશાવતી પાડ્યું. ઘણા દિવસની આશાનું ફળ જાણીને જ તે નામ તેઓને સુઝ્યું. છોકરી આશરે વર્ષ દોઢ વર્ષની થઇ ત્યાં સુધી માબાપને તેના કૌતુકથી એટલું સુખ થયું કે તેઓને તે છોકરીની પેલી બાજુએ કંઇ પણ દેખાયું નહિ. દહાડાના આઠ પ્રહરમાંથી તેઓના સાત પ્રહર તો છોકરીની લીલા થવાના આનંદ અનુભવમાં જતો હતો, પરંતુ બધા દહાડા સરખા હોતા નથી, અને કાળના મનમાં શું હોય છે તેની કલ્પના કોઇને પણ કદી થતી નથી. આ છોકરી ઉપર તથા પોતાની ઉપર આજથી ત્રીજે દહાડે અમુક એક ભયંકર અનર્થ થવાનો છે, એવું જો કોઇ વખતસિંગને કહેત તો તેને ખરૂં પણ શું લાગત ? નહિ, પરંતુ બીચારા ઉપર તે પ્રસંગ આવી પડ્યો. તેની પ્રિય પત્નીને એકદમ કંઇ મંદવાડ આવીને તેને મૃત્યુ પોતાના રાજ્યમાં ખેંચી ગયો. વખતસિંગને શોકનો કંઇ છેડો રહ્યો નહિ. બીચારી આશાવતીને કંઈ સમજણ નહોતી, તેથી તે બાપને શોક કરવાની વખતે માના મુડદાની પાસે જઇને તેને ઉઠાડવા માટે તેનું શરીર હલાવતી તથા લુગડુ ખેંચવા લાગી. કેટલો પણ શોક થાય તો પણ તેનો છેડો છે ! વખતસિંગે પોતાનો શોક સમાવીને આગળના કામમાં લાગવું પડ્યું. તે બધું થયા પછી તે બીચારો આશાવતી ઉપર પોતાના પ્રેમનો બધો બોઝો નાખીને રહ્યો. તેનાં સગાંવહાલાં મિત્રોએ ઘણો આગ્રહ કર્યો કે ફરી તમે પરણો પરંતુ તેણે કંઇ પણ નહિ સાંભળતાં પોતાનો બધો પ્રેમ તે છોકરી ઉપર એકત્ર કરીને તેણે તેનું પાલણ પોષણ કર્યું.

આશાવતીનું લાવણ્ય ઘણું જ અનુપમ હતું અને તે દિવસ મહિને વધતી ગઇ તેમ તેમ તે એટલી ખુલતી ગઇ કે તે પાંચ સાત વર્ષની થઇ ત્યારથી લોકો પોતાના દીકરાને માટે માગુ મોકલવા લાગ્યા, પરંતુ જેમ કંજુસને ધનના ઉપર ચહાના હોય છે, તેમ વખતસિંગને પોતાની છોકરી ઉપર ચહાના થઇ હતી. તે રાત દહાડો તેનાપર મગ્ન હતો. પોતાને તેને કોઇને આપવી પડશે એવું તેના સ્વમામાં પણ આવ્યું નહોતું, અને કોઇએ તેવી તેની પાસે વાત કાઢી તો તે તરત "કેમ, તમને તે મારી પાસે સુખમાં છે તે જોવાતું નથી! ફરી મારી આગળ એવી વાત કાઢતા ના." એવું કહીને તેના ઉપર ચીડાતો હતો. કોઇ પણ તેની પાસે આવ્યો તો તેને જણાતું હતું કે આ મારૂં રત્ન લુટાવવાને આવ્યો છે. પછી તેને એવું જણાવવા માંડયું કે પોતાની દીકરીને લઇ જવા શિવાય બીજો કોઇ પણ હેતુ કોઇના મનમાં નથી. કંજુસને જેમ પોતાના પૈસાનો, તેમ પેલા વખતસિંહને પોતાની કન્યા રત્નના ઉપર ઘણો જ પ્રેમ થયો. પછી આશાવતી ચઉદ પંદર વર્ષની થયા પછી તેની મા તે જ ઉમ્મરમાં જણાતી હતી તેવી તે જણાવવા લાગ્યાથી તેને પોતાની પત્નીનું સ્મરણ થયાથી પ્રેમ તથા તેને જોવાથી થનારો આનંદ હદપાર થયો. તે તેના લગ્નનું નામ પણ કાઢતો નહોતો, અને કોઇએ કાઢયું તો તેને ગમતું નહોતું, એક બાબત મોટી નવાઇ જેવી એ થઇ હતી કે રજપુતોમાં જે ઘણું જરૂરનું જનાનખાનું વખતસિંગે કદી પણ આશાવતીને રાખ્યું નહોતું, તેનું કારણ એટલું જ હતું કે પોતે દુકાનમાં બેઠો હોય તે વેળાએ પણ તે પોતાની પાસે હોવી જોઇએ, પોતાથી તે છેટે રહેવી નહિ જોઇએ, તેના શિવાય ગરીબ માણસોમાં જેટલો જોઇએ તેટલો જનાનો પાળવાની જરૂર નથી અને કોઇ પાળતા પણ નહોતા, તેથી તેને કોઇ ઘણા હસતા પણ નહોતા, તે કોઇ કોઇ વખત આશાવતીને દુકાનપર બેસાડીને બહાર પણ જતો હતો.

આશાવતીની ખૂબસુરતીની કીર્ત્તિ આખા શહેરમાં પસરી હતી

અને ઘણા માણસો તેને જોવા માટે વખતસિંગની દુકાનપર આવવા લાગ્યા. જુવાન રજપુતોની તથા મુસલમાન સરદારોની ભીડ થવા માંડી અને લોકો વખતસિંગના ઉપર ગુસ્સે થવા લાગ્યા, પરંતુ વખતસિંગને આશાવતી ઉપર પૂર્ણ ભરોસો હતો. તે કદી પણ ખરાબ માર્ગે જશે નહિ. આ તેનો પૂર્ણ વિશ્વાસ હતો અને તેનું લગ્ન કરી નાખવું એ પણ તેના મનમાં મુદલે આવ્યું નહિ. તેના મનમાં પોતાના ઉપર પ્રેમ છે, તેનો ભાગીઓ બીજો કોઈ કરવો એની કલ્પના પણ તેને દુઃસહ થતી હતી, પરંતુ બાપ ઉપર પ્રેમ હોય તો દીકરીનો બીજા કોઇના ઉપર બીજી જાતનો પ્રેમ જાય નહિ એ થોડું જ શકય હોય છે !

એક જુવાન રજપુતનું ચિત્ત આશાવતીના ઉપર ઘણું ફસાયું, અને આશાવતીને તેના ઉપર પ્રેમ થવા માંડ્યો. તે જુવાન રજપુત એક બે વખત વખતસિંગના જોવામાં આવ્યો તે વેળાએ તેને શક પડ્યો.

ત્રીજી વખતે તેને પોતાની દુકાનપર જોયો, ત્યારે તો તે કોણ, અહિંયાં શા માટે આવે છે એવું સંદેહવાળા ચહેરાથી પૂછ્યું, પોતાનું ચિત્ત આ રજપુત તરફ ખેંચાય છે એવું ખેલ્લેખુલ્લું કહેવાને આશાવતી-ને હિમ્મત આવી નહિ, તેથી તેણે " કંઇ નહિ, તેણે પોતાના શેઠને માટે કંઇક માલ વેચાતો લીધો હતો તે બે વખત ત્રણ વખત શેઠને પસંદ પડ્યો નહિ, તેથી તે પાછો લાવવા માટે તે આવ્યો હતો." એવું કહ્યું.

આશાવતીએ પોતાના બાપને આખી ઉમ્મરમાં ખોટું કહેલું તે આજ પહેલું હતું, અને તેને માટે તેને પશ્ચાતાપ પણ થયો, પરંતુ ખરૂં કહી દેવાની તેને હિંમત આવી નહિ.

પેલી તરફ પેલો રજપુત પણ તેની રીતભાતની બનાવટ કરીને બહાર પડ્યો અને કંઇક છેટે ગયો, તેટલામાં વળી એક તેના જેવો પોશાક પહેરેલો તેનો મિત્ર મળ્યો. તેની જોડે પહેલો એકદમ બોલ્યો, " દોસ્ત ! થશે એવું જણાય છે કિલ્લો એકદમ હાથમાં આવશે. કિલ્લાનું મન મારી તરફ છે."

"ખાવિંદ! એને માટે મને મુદલે શંકા નથી. આપનું સ્વરૂપ અને આપનું બોલવું એવું મોહક છે કે—"

"બસ બસ, નકામી સ્તુતિ કરીશ મા. ગમે તે કરીને આશાવતીની આશા મેં પોતાને લગાડી છે. તે સફળ થવી એના વિના બીજું કંઇ હું ચાહાતો નથી."

"થશે, થશે, કિલ્લેદારે રત્નને ગમે એટલા સાત કિલ્લામાં મૂક્યું તોપણ તે પોતે બહાર પડવાને માગશે તો તે નીકળશે નહિ? તેમાંથી આપના જેવા ચોરી કરનાર જોશે. પછી શું? હજુર, આપને તે રત્ન મળશે."

જે રજપુતનું મન આશાવતીના ઉપર લાગ્યું તે રાજકુમાર જાહાંગીર હતો. ગરીબની કન્યાની જોડે લગ્ન કરવા ચાહુ છું એવું બાપને કહ્યાથી તે બાપ કબુલ કરશે નહિ, તે જાણીને તેની જોડે ચોરીથી લગ્ન કરીને તેને પોતાના જનાનખાનામાં લાવવી અને પછી તેના બાપને જણાવવું એવું મનમાં આવ્યું. તું પોતાની કન્યા શાહજાદાને આપીશ કે એવું સહજ એકની તરફથી પૂછાવ્યાથી વખતસિંગે જે બોલ કહ્યા હતા તે સાંભળીને તેની પ્રત્યક્ષ માગુ માગવાનું નામપણ છોડયું. અને પોતે મોટો બનાવટી વેશ ધારણ કરીને તેનું મન જીતીને તેની જોડે લગ્ન કરી જનાનખાનામાં લઇ જવી અને પછી તેને જણાવવું તેથી તેને તેટલું ખરાબ લાગશે નહિ એવો તેને વિચાર કર્યો. જાહાંગીર ખરેખર રૂપમાં ઘણો જ ઉત્તમ હતો. તેણે રજપુત વીરનો પોશાક ધારણ કરીને વખતસિંગની ગેરહાજરીમાં આશાવતીને મળીને નાના પ્રકારના શૌર્યવીર્યની તથા પ્રેમની વાતો કાઢીને તેનું મન જીત્યું. અને પોતાની ઉપર તેનો પ્રેમ થયો છે એવું જાણ્યા પછી એક દહાડો તે પોતે ખરેખર કોણ છે તે પણ જણાવ્યું. તે સાંભળીને આશાવતીને પહેલાં ઘણું ખરાબ લાગ્યું પરંતુ જાહાંગીરે પોતાની મા કોણ છે તથા બીજી ઘણીક રજપુત કન્યાઓ મુસલમાન વીરોની સાથે પરણી છે તે

જણાવ્યું ત્યારે તેનું તરૂણ તથા નિષ્કપટ મન તરત જ શાંત થયું. હું પોતે બાદશાહના છોકરાની રાણી થઇશ તેથી તેને ઘણો આનંદ થયો. પરંતુ આ બધી બીના બાપને કેમ જણાવવી ! તે ઘણી પિતાની ભક્તિ કરવાવાળી હતી, પરંતુ પ્રેમથી આંધલી થવાને લીધે તેને એવું જણાયું કે, જો આ વિષે બાપને કહીશ તો બાપ તેમાં હા પાડશે નહિ. જેમ બને તેમ કહેવું નહિ તે ઠીક છે.

એટલામાં વખતસિંગને એકાએક લખનૌમાં જવાનું કારણ ઉત્પન્ન થયું. કારણ એવું હતું કે ગયા શિવાય ચાલે એવું નહોતું. અને અહિંયાં છોકરીને એકલી મૂકીને જવું એ પણ તેને જીવપર આવતું હતું પણ શું કરે ? જેટલું જલદી બનશે તેટલું કામ જલદીથી પૂરૂ કરીને જલદી આવીશ એવું કહીને તથા પોતાને માટે ઘણી ફીકર કરવામાટે છોકરીને કહીને તે લખનૌ તરફ ગયો.

પેલી તરફ જાહાંગીર રોજ આવીને આશાવતીને આગ્રહ કરવા લાગ્યો કે, “ તું મારી જોડે એક રાત્રે નીકળી આવ, આપણે ચોરીને લગ્ન કરીએ અને વખતસિંગ આવશે એટલે તેને બધું કહીશું. આ બનાવ થઇ ગયા પછી તેને કંઇ વધારે ખરાબ લાગશે નહિ. ” પણ પ્રેમથી ગમે એટલી આંધલી થઇ હતી તોપણ આશાવતી રજપુત કન્યા હતી. તેતે આવા છુપા લગ્નમાં મુદલે હા પાડી નહિ એટલું જ નહિ પણ પછીથી રાતે તેને કદી પોતાની દુકાન ઉપર પગ મૂકવા દીધો નહિ.

જાહાંગીરનો તેના ઉપર ઘણો પ્રેમ હતો, હવે શું કરવું તે કંઇ સૂજતું નહોતું. આખરે એક દહાડો મોડી રાતે ગમે તે કરીને આશાવતીને મળ્યો અને તેને પોતાની સાથે નાશી આવીને લગ્ન કરીને જનાનખાનામાં રહેવાનો આગ્રહ કર્યો. પરંતુ તેણે સાફ જવાબ આપ્યો કે “ તમારા ઉપર મારો પ્રેમ નથી તેમજ હવે બીજા કોઇ પુરૂષની તરફ પ્રેમ જશે નહિ. પણ પિતાની રજા વિના હું લગ્નને અનુકૂલ થઇશ નહિ. આજ સુધી તમારી જોડે છુપું જે મેં કર્યું છે તેને માટે મને

પશ્ચાત્તાપ થાય છે. ક્યારે પણ હું તેમને એકવાર કહીશ."

"કહીશ ? લગ્ન થવાની પહેલા શું કહીશ ? પછી બીજા ગુસ્સે થયલા રજપુત પ્રમાણે તારો જીવ લીધો તો ?"

"લે તો પણ હું કહેનાર."

"શું મારી જોડે આજે નહિ આવશે ?"

"નહિ, તેમના કહેવા વિના હું હવે એક ડગલું આગળ વધીશ નહિ."

તે બોલતાં બોલતાં આશાવતીની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં, જહાંગીરને ભાન રહ્યું નહિ અને તેને પણ ભાન રહ્યું નહિ. તેણે પાસે જઇને છાતીપર લીધી.

પરંતુ આશાવતીએ પેલા મોહપાશથી પોતાને એકદમ છોડાવીને તે દૂર ગઇ. પછી જહાંગીરે તેને પૂછ્યું ત્યારે તેણે પોતાનો પહેલાનો જવાબ દીધો, અને તેને જવા વિષે વિનંતિ કરી. લાચારીથી તે ગયો. પરંતુ તે ઘરમાં બહાર નીકળીને આશાવતીએ દરવાજો બંધ કર્યો અને વખતસિંગ ખભા ઉપર ઝોલી લઇને દરવાજામાં આવવાની વખતે મેલાપ થયો, વખતસિંગને તેણે દીઠો નહિ પણ વખતસિંગે તેને દીઠો, આવી રાતે જુવાન પુરૂષ પોતાના ઘરમાંથી બહાર નીકળતાં જોઇને તેને પગથી માથા સુધી આગ લાગી. તેણે જોરથી દરવાજો ખડખડાવ્યો અને આશાવતીએ દરવાજો ઉઘાડીને બાપને જોતાં જ આનંદથી હસીને "બાપા" આવું બોલીને પાસે આવતાં જ તેણે તેને કહ્યું, "છેટે છેટે રહે પાપી કાળા મુખી ! મારી આગળ મારી પાસે આવતી ના. તેં મારા મોં ઉપર મેસ લગાડી છે. કહે હમણાં ઘરમાંથી બહાર નીકળ્યો હતો તે કોણ છે ? બોલ."

આશાવતીએ તે સાંભળતાં જ શરમ તથા ખેદે તેને સંપૂર્ણ ઘેર્યા. બાપ આવતાં જ થયેલો સર્વ બનાવ કહેવાનો તેણે વિચાર કર્યો હતો, પણ તેના મોંમાંથી શબ્દો નીકળ્યા નહિ.

ફરી વખતસિંહે "કહે, કોણ તે હતો ?" એવું પૂછતાં જ

"જાહાંગીર તે મારી જોડે લગ્ન કરવા કહે છે." એવું તેને એકદમ કહ્યું. તે ધારતી હતી કે શાહજાદાનું નામ સાંભળતાં જ તેનો ક્રોધ કંઇક શાંત થશે અને પછી હું બધું કહીશ. પરંતુ આ નામ સાંભળતાં જ ગુસ્સાથી તેનું દેહભાન ગયું શું? મારી દીકરીને મુસલમાન ભ્રષ્ટ કરી ગયો? કાળા મુખી! તારી મા મરી ગઇ તેને બદલે તું કેમ મરી ગઇ નહિ? મારી દીકરીની જોડે તે પરણનારો? અને તું વળી ભ્રષ્ટ જોડે થનાર? હું જયપુરનો રાજા નથી. છોકરી તે હવે મને છોડ્યો."

એવું બોલીને તેણે તરત પોતાની ઝોલી નીચે નાખીને એક દાબડી કાઢીને તે આગળ આવ્યો. અને એ હાથથી તેનું ગળુ દબાવીને બોલ્યો, "છોકરી, આ ઝેર ખા. નહિ તો નખથી દાબીને મારી નાખીશ. તેં તેનું નામ એટલું શાંતરીતે દીધું, વળી • તેને દરવાજા ઉઘાડીને પ્રેમથી બોલાને રજા આપી, તેના ઉપરથી તારા મનથી પાપ કર્યું જ છે. તારૂં મન ભ્રષ્ટ થયું જ છે. ભ્રષ્ટ, તું એક પળ પણ મારી સામે નહિ જોઇએ. ખાજ ખાજ નહિ તો નખો દબાવીને ખચીત મારી નાખીશ.

આશાવતી પણ રજપુત કન્યા જ હતી. બાપનો વિશ્વાસઘાત કરવા માટે તેને ઘણો પશ્ચાત્તાપ થયો. અને તેનું પ્રાયશ્ચિત્ત દેહાંત જ જોઇએ એવું મનમાં કહીને તેણે તે ઝેર લીધું અને પાંચ મિનિટમાં પ્રાણ છોડ્યો.

બીજે દહાડે વખતસિંગ ક્યાંનો ક્યાં જતો રહ્યો.

રજપુતની સ્ત્રી, ઘોડો અને તરવાર.

૧

બાદશાહ શિકંદર લોદીનો વજીર આસરખાં કંઇ કામને પ્રસંગે બુંદિમાં રહ્યો હતો, તે વખતે મહારાજ દેવસિંહનો પાથાર નામનો મનોહર ઘોડો જોવાથી ખુશ થયો હતો. દિલ્લીમાં પાછો આવ્યા પછી બાદશાહને ખરાબ ચોઘડિયે તેણે કહ્યું, "તેના જેવો ઘોડો બાદશાહની ઘોડાશાળામાં પણ નથી." બાદશાહ ઘોડાનો બહુ શોખીન હતો, ઘણી કિંમતો આપીને ઘણા દૂર દૂર દેશમાંથી તે ઘોડાં મંગાવતો હતો, તેથી પોતાને ત્યાં તેવો ઘોડો નથી તે બોલવાપર તેનો ઘણો વિશ્વાસ બેઠો નહિ તેથી તેણે ઘણો ગુસ્સો લાવીને વજીરને તે કહેવાની સાબુતી આપવાને કહ્યું. વજીર કહેવાથી સભાસદ મહમદને દેવસિંહને તેડવા માટે મોકલ્યો.

વજીર ઉમરાવોને ઘેરીને બાદશાહ શિકંદર લોદી સોનાના સિંહાસન ઉપર બેઠો છે, નોકરો ચાંમર ઝૂલાવે છે, સ્તુતિ કરનારા સ્તુતિ કરે છે, સભાસદો પ્રિય વાક્ય બોલીને બાદશાહને ખુશ કરે છે, રાજ સભાસદ મહમદખાં તે વખતે આવીને રીતસર કુરનસ બજાવીને સિંહાસનની પાસે ઉભો. બાદશાહે પૂછ્યું, "મહમદ બુંદિના રાજ્યની શી ખબર છે?"

મહમદે જવાબ દીધો, "હજુર, આપની મોકલેલી ભેટથી રાજા પોતાને સન્માનિત સમજીને ખુશ થયો છે અને આપના હુકમ પ્રમાણે તે જલદીથી અહિં આવશે."

બાદશાહે વજીર આસરખાંની તરફ જોઇને કહ્યું, "આસરખાં, બુન્દિના રાજાનો ઘોડો આ વખતે જોવામાં આવશે, હમણાં પણ તમારૂં એ જ બોલવું છે કે?"

આસરખાંએ માથું નમાવીને કહ્યું, "હજુર! ગુલામનો દોષ ગણશો ના, જીવ જાય તો પણ તે કબૂલ છે, મારૂં હમણાં પણ તે જ

કહેવું છે. બુન્દિના રાજાના ઘોડાના જેવો ઘોડો આપના પણ નથી."

બાદશાહે પૂછ્યું, "મારો ઘોડો નવાબ પણ શું તેના જેવો નથી?"

આસરખાંએ ડોકું ધૂણાવીને જવાબ દીધો, "નહિ."

બાદશાહે ફરી કહ્યું, "ઈરાનના બાદશાહે ગઈ શાલ જે ઘોડો મને ભેટ મોકલ્યો હતો તે શું તમે દીઠો છે?"

આસરખાં બોલ્યા, "હાજી, જોયો છે, આપના તમામ ઘોડાં મેં દીઠાં છે, પણ બુન્દિના રાજાના ઘોડાની બરાબરી કરી શકે એવો ઘોડો એકે નથી."

બાદશાહે કહ્યું, "ઠીક છે તે હવે જોવામાં આવશે. યાદ રાખજો તમારી વાત ખોટી ઠરશે તો તમને મારી નાખવાની સજા કરવામાં આવશે."

આસરખાંએ કહ્યું, "જેવી હજુરની મરજી."

૨

આજે બે દિવસ થયા બુન્દિનો રાજા દેવસિંહ દિલ્લીમાં આવ્યો છે. બાદશાહે તેને યથાયોગ્ય આવકાર દીધો છે. દરરોજ કોઈને કોઈ સભાસદ તેની ખબર અંતર પૂછવાને આવે છે. આજે ચોપદારે આવીને ખબર આપ્યા કે વજીર આસરખાં આપને મળવાને આવ્યા છે.

રાજાએ કહ્યું, "આવવા કહો." આસરખાં આવીને સલામ કરીને ઉભો.

રાજાએ પૂછ્યું, "શા સમાચાર છે?"

આસરખાં બોલ્યો, "બાદશાહ આપને જોઈને ઘણા ખુશ થયા છે અને આપને કંઈ તકલીફ ન થાય તે જોવાને માટે મને મોકલ્યો છે."

રાજાએ કહ્યું, "બાદશાહની બહુ મહેરબાની છે, મને કોઈ જાતની તકલીફ નથી તેની મહેરબાનીથી હું ઘણો આભારી છું."

આસરખાંએ તે વેળાએ કહ્યું, "આપનો ઘોડો પાથારને જોઈને બાદશાહ ઘણા ખુશ થયા છે."

પાથાર બુન્દિના રાજાનું ઘણું વહાલું પ્રાણી છે તેની તારીફ સાં-

બળીને તે ઘણો ખુશ થઇને બોલ્યો, " તે પણ બાદશાહની મહેરબાની."

આસરખાંએ ફરી કહ્યું, " ઘોડો બાદશાહને બહુ ગમ્યો છે." તેણે ધાર્યું હતું કે દેવસિંહ આ કહેલું સમજીને પોતે બાદશાહને ઘોડો ભેટ આપશે પણ આસરખાંની સમજ ભૂલ હતી. દેવસિંહે કહ્યું' "ઝવેરની તારીફથી જ ઝવેરીની કિંમત છે."

તે વેળાએ આસરખાંએ માથું ખંજવાળતાં ખંજવાળતાં નીચા મુખથી સ્પષ્ટ કહ્યું, "બાદશાહ ઘોડો વેચાતો લેવા ઇચ્છે છે, કેટલી કિંમત લેશો ?"

બુન્દિનો રાજા ક્રોધાયમાન થઇને "બાદશાહને કહેજો કે હું પાથારને વેચીશ 'નહિ."

આસરખાંએ કહ્યું,' મહારાજ, બાદશાહને આવો જવાબ આપવો એ શું વિચાર પૂર્વક છે ? જો ખુશી થઇને નહિ આપશો તો બાદશાહ બળ જોરીથી લેશે."

આ અપમાન ભરેલા વાકયથી ક્ષત્રિયનું લોહી તપી ગયું. બુંદીના રાજાએ કહ્યું, "આ શરીરમાં જીવ રહેશે ત્યાં સુધી બાદશાહ પાથારને લેઈ શકશે નહિ. બાદશાહને કહેજો કે રજપુત મરવાના ડર રાખતા નથી."

આસરખાં જરા હસીને બોલ્યો, " મહારાજ, દેહમાં જીવ છે ત્યાં સુધી પાથારને આપશો ના, પરંતુ શરીરમાં જીવ કેટલો વખત રહેનારો છે વારૂ ? સિંહની ગુફામાં બેસીને સિંહની જોડે લઢવું એ શું સંભવતું છે ? શા માટે અમસ્તો જીવ ગુમાવો છો ? જરા વિચાર કરીને જવાબ આપો.

બુન્દિરાજે આ બોલવું સાંભળ્યું અને તેને અનુમાન કર્યું કે બોલવું ખરૂં છે પણ પાથાર તો ન અપાય, હવે શો ઉપાય કરવો તેનો વિચાર કરવા લાગ્યો. તેને મુંગો બેઠેલો જોઇને કેટલીવારે આસરખાંએ ફરી પૂછ્યું, " મહારાજ, બાદશાહને શું કહું ?"

બુન્દિના રાજાએ કહ્યું, " ઠીક છે ૧૫ દિવસમાં હું ઘોડો લઇને બાદશાહની પાસે હાજર થઇશ."

૩

વજીર ત્યાંથી જતો રહ્યો. બુન્દિરાજ દિલગીરી ભરેલા મનથી પોતે છુટવાના ઉપાય ઉપર વિચાર કરવા લાગ્યો. જીવથી વધારે વહાલા પાથારને આપીશ નહિ પરંતુ નહિ આપતાં બચવું મુશ્કેલ છે. આસરખાંએ બરાબર કહ્યું હતું કે ખુશી થઇને નહિ આપશો તો બાદશાહ બળાથી લેશે. હું તે સિંહની જોડમાં આવી પડ્યો છું. નાસવાનો રસ્તો નથી. હું એકલો પાથારને લઇને છૂપી રીતે નાસી જાઉં પરંતુ તેમ કર્યાથી કુમાર સમરસિંગની, પોતાના લશ્કરની દશા શી થાય? બાદશાહના ગુસ્સાથી શું તેઓ બચવાના છે? તેવોના બચાવનો ઉપાય નક્કી કરવા માટે તેણે ૧૫ દહાડાનો વખત માગ્યો હતો પણ ૧૫ દહાડામાં શું રસ્તો જડશે? દેવસિંહ નિરૂપાય હતબુદ્ધનો થઇ પડ્યો. આ વખતે કુમાર સમરસિંગ આવીને બોલ્યો, "બાદશાહનો શાહજાદો પરણવા જાય છે મને પોતાની જોડે લઇ જવાનું કહે છે."

રાજાનો ચહેરો આ સાંભળીને ઘણો પ્રફુલ્લિત થયો. ઉત્સાહથી પૂછ્યું, "ક્યારે જવાનું છે, લગ્ન ક્યારે થવાના છે?"

કુમારે કહ્યું, "લગ્નને હજી એક મહિનો છે. ૧૫ દિવસમાં જવું થશે."

રાજાના નિરાશ હૃદયમાં આશાનો સંચાર થયો. શોકાતુર ચહેરો પ્રફુલ્લ થયો. તેણે બચવાનો એક ઉપાય દીઠો. પુત્રને આસરખાંએ કહેલી બાદશાહની ધિક્કાર ભરેલી માગણીની વાત પહેલેથી છેલ્લે સુધી કહી, "બેટા, બાદશાહનો છોકરો તને પોતાની જોડે લઇ જવા ચાહે છે તેમાં હું પરમેશ્વરનો હાથ જોઉંછું. નહિ તો આપણને બચવાનો બીજો રસ્તો નહોતો. તું ઘણું લશ્કર લઇને શાહજાદાની જોડે જા, અને આપણું બાકી રહેલું લશ્કર મુસલમાનના વેશથી વરની જાનની સેનાદલમાં સામેલ થઇને શહેર છોડી જાય ત્યાર પછી હું મારૂં વચન પાળીને તારી પછવાડે આવીશ."

૪

બુન્દિરાજનું લશ્કર કુમાર સમરસિંહ શાહજાદાની જોડે ગયાં. બુન્દિરાજ ધારત તો નાશી શકત પરંતુ બાદશાહને વચન આપ્યું હતું કે ૧૫ દિવસે ઘોડો લઇને તેની પાસે આવીને હાજર થઇશ તેથી હમણાં પ્રાણાધિક પાથારને લઇને પોતે કેદી થઇ રહ્યો છે. આજે બુન્દિરાજ પોતાના વચન પ્રમાણે પાથાર ઘોડાના ઉપર સ્વાર થઇને બાદશાહના દરવાજાપર આવીને સિપાઇને કહ્યું કે, બાદશાહને ખબર આપ કે ઘોડો લઇને બુન્દિરાજ મળવા આવ્યો છે. બાદશાહ પણ ઉત્સુક ચિત્તથી બુન્દિરાજની આવવાની રાહ જોતો હતો પાથારને જ્યારથી જોયો હતો ત્યારથી બાદશાહ તેને મળવા માટે ઘણો જ આતુર હતો. આસરખાંએ બરાબર કહ્યું છે, બાદશાહની પાસે ખરેખર એવો ઘોડો નહોતો. દેવસિંહ ૧૫ દહાડાની મહેતલ માગી છે તેથી બાદશાહને ખોટું તો લાગ્યું પણ આસરખાંની અરજ ઉપરથી આટલા દહાડા કોઈ રીતે ધીરજ રાખીને રહ્યો હતો, આજે છેલ્લો દિવસ છે, હવે તે ધીરજ રાખી શકતો નહોતો. ક્યારે બુન્દિરાજ આવશે, તેનો વિચાર કરે છે, એવામાં નોકરે આવીને બુન્દિરાજના કહેણ કહેતાં જ બાદશાહ ઘણો ખુશી થઇને પોતે બુન્દિરાજને આવકાર દેવા બહાર આવ્યો, બુન્દિરાજે સલામ કરીને કહ્યું, " હું મારા વચન પ્રમાણે ઘોડો લઇને આપની પાસે હાજર થયો છું."

બાદશાહ ઘોડો જોઇને ઘણો જ ખુશી થઇને બોલ્યો, " આપની ભેટથી હું ઘણો જ ખુશી થયો છું, હું આપને યોગ્ય બદલો આપીશ, રજપુતાનામાં આપ અધીશ્વર થયા ? "

બાદશાહના બોલવા ઉપર કાન નહિ આપતાં દેવસિંહ બોલ્યો, " બાદશાહ, મારી એક વાત સાંભળો, યાદ રાખજો, રજપુતોની પાસેથી ત્રણ વસ્તુ કદી માગશો ના, સ્ત્રી ઘોડો અને તરવાર "

આટલું બોલીને દેવસિંહ ઘોડાને પૂરપાટ દોડાવતો એક પળમાં તે અદૃશ્ય થઇ ગયો.

રજપુત તેજ.

૧

ઇ. સ. ૧૬૩૪નો વૈશાખ મહિનો ચાલેલો છે. વસંત ઋતુમાંનો સુગંધ મલયાનિલ હજી સુધી ભાસમાન થતો હતો. તે જ વૈશાખમાં એક દહાડો, આખો મારવાડ દેશ એકાએક શોકસાગરમાં નિમગ્ન થયો. જે મારવાડ આજ સુધી આનંદ સાગરમાં ડૂબકા મારતો હતો, રણધુરંધર યોદ્ધાના હુંકાર, ધ્વનિથી ચારે દિશા પ્રકંપિત કરી મૂકતી હતી, તે જ મારવાડ દેશ આજે તદન નિસ્તબ્ધ, નિરાનંદમય થઇ રહ્યો છે ! પ્રલય કાળની પહેલા પ્રકૃતિ જેમ નિર્વાત, નિષ્કંપ થઈ રહે છે, મારવાડની અવસ્થા આજે બરાબર તેવી જ થઇ રહી હતી. આજે કંઇ પણ હૃદય વિદારક દેખાવ નજરે પડશે એવા ડરથી બધાના અન્તઃકરણો વ્યગ્ર થઈ ગયા હતા. જ્યાં ત્યાં હાહાઃકાર થઇ રહ્યો હતો તે જ કુમાર ઉમરાસિંહને પોતાના પિતા ત્યાગેલો પુત્ર ઠરાવીને મારવાડની ગાદીઉપર તેનો વારસો કાઢી નાખવાના દુઃખદાયક સમાચાર હાં હા કરતાં બધે પસર્યા છે.

મારવાડના સિંહાસન ઉપર આ વખતે રાજા ગજસિંહ હતો. ઉમરાસિંહ તેનો મોટો કુંવર છે, શૌર્યમાં, વીર્યમાં આ કુંમાર બધી પ્રજાને વહાલો થયો હતો. એટલું જ નહિ પણ દિલ્લીપતિનું સાર્વભૌમત્વ કબૂલ રાખીને રાજા ગજે પોતાનું પરાક્રમ રણક્ષેત્રમાં બહાદુરી ગજાવતાં પિતાને મદદ આપવા માટે ઉમરાસિંહે જે અસાધારણ વીરત્વ પ્રકટ કર્યું હતું તેને લીધે બાદશાહની પણ તેના ઉપર ઘણી મહેરબાની ઉતરી હતી. આખા મારવાડમાં તે વખતે તેની બરાબરી કરવાને કોઇ સમર્થ નહોતો પરંતુ ક્ષત્રિય તેજમાં ભરપૂર આ અસામાન્ય વીરમાં એક મોટો દોષ, રહેલો હતો, તેનો સ્વભાવ ઘણો જ કરડો તેમ જ ઘણો માનવાળો હતો. વિનય એ શું છે તે વીરના સ્વપ્રામાં પણ નહોતું— નમ્રતાની અને આ અલૌકિક સાહસ પ્રિય શૂરને મુદલે ઓળખાણ પણ

નહોતી અને આ જ આખરે તેને દુર્ભાગ્યમાં આણવાનું કારણ થયું. તેનો આવો અકડાઇનો સ્વભાવ તેના પિતાને મુદલે પસંદ પડ્યો નહિ અને પોતાની પછવાડે તેના હાથમાં રાજ્યગાદી ગયાથી પોતાની પ્રજાની શી ગતિ થશે એ મોટી તેને ચિંતા થઇ. ઉમરાસિંહને તેણે આ જ બાબતનું ઘણું જ સમજાવ્યું. ઉમરાસિંહને તે મુદલે ખમાયું નહિ, ક્રોધના આવેશમાં તેણે પોતાના પિતાને સખ્ત વાકયો કહ્યાં. પુત્રની આવી ચાલ જોઇને ગજસિંહને પણ બહુ ક્રોધ ઉત્પન્ન થયો તેણે તરત પોતાના પ્રધાનમંડળને બોલાવીને ઉમરાસિંહનો ગાદી ઉપરનો હક પૂરો કર્યો.

ઉમરાસિંહના જાણવામાં આવતાં જ તે પણ ગુસ્સાથી બેફામ થયો. મારવાડમાં હવે પાણી પીવાને પણ રહેવું નહિ એવી તેણે પ્રતિજ્ઞા કરી. મા બાપને છેલ્લું દર્શન આપીને રાજ્ય લાભની આશા ઉપર હમેશનું પાણી છોડીને મારવાડનો મોટો રાજકુમાર એકાદા ભિખારીના જેવો માતૃભૂમિને જન્મને માટે ત્યાગ કરીને જવાને તૈયાર થયો.

કાળા વસ્ત્ર પહેરીને, કાળા રંગના ઘોડાપર સવાર થઇને ઉમરાસિંહ શહેરના દરવાજાપર આવી પહોંચ્યો, ચારે બાજુએ લોકોની ઠઠ જામી રહેલી હતી, બધાંની આંખમાંથી આંસુની ધારા વહેતી હતી, બધાના ચહેરા દુ:ખાંકિત થયા છે, તરવાર તરવારના ઘા માથા ઉપર પડે છે—પ્રત્યક્ષ મૃત્યુ આંખ ઉઘાડીને સામે ઉભો છે એ જોઇને પણ કદી જે રાઠોડના નેત્રમાંથી આંસુના બિંદુ આવ્યા નહોતા, તે જ રાઠોડ, આજે એકાદા અજ્ઞાન બાળકની પેઠે ઘણા રોતા હતા એટલામાં મારવાડની ચારે સીમાના ઉપર ઉમરાસિંહે પગલાં નાખવા નહિ એવો ગજરાજાનો નિષ્ઠુર હુકમ વજ્રાઘાતના પ્રમાણે લોકોના કાનમાં પડ્યો. પિતાની આ કઠોર આજ્ઞાથી ઉમરાસિંહનું હૃદય જરા પણ વિચલિત થયું નહિ, ઘોડાને એડી મારીને તે તરત અદૃશ્ય થયો.

આવી રીતે પોતાના મોટા કુંવરને રાઠોડપતિ ગજસિંહે હદપાર કરીને દેશને વિપત્તિમાં નાખ્યું.

૨

ઉમરાસિંહ મારવાડમાંથી નીકળીને નાનાપ્રકારની વિપત્તિ તથા દુઃખો વેઠતો આખરે આગ્રામાં દાખલ થયો. તેને હદપાર કરવાના સમાચાર બાદશાહ શહાજહાનના જાણવામાં હતા, એટલું જ નહિ પણ બાદશાહની તે વાતની સંમતિ પણ હતી; તે છતાં ઉમરાસિંહ ત્યાં આવતાં જ શહાજહાને મોટા માનની જોડે પોતાની દરબારમાં રાખ્યો. ઉમરાસિંહની યોગ્યતા બાદશાહ સારી પેઠે જાણતો હતો, ઘણો હિમ્મતવાન્ અને અલૌકિક શૂરવીર હતો તેથી ઉમરાસિંહે તરત જ બાદશાહની પૂરેપૂરી મહેરબાની મેળવી. ત્રણ હજાર સેનાનું અધિપત્ય બાદશાહે તેને આપ્યું. હળવે હળવે નાગોરનું રાજ્ય પણ તેણે મેળવી આપ્યું.

બાદશાહની આટલી મહેરબાની જો કે તે મેળવવાને પાત્ર થયો હતો તે છતાં બાદશાહની સામે હમેશાં હાથ જોડીને ઉભું રહેવું અથવા બાદશાહના કહેવા પ્રમાણે સર્વદા ચાલવું, એ ફક્ત તે વીરાગ્રણ્ય ઉમરાસિંહથી મુદલે થયું નહિ. પૂર્ણ સ્વતંત્રતાથી ચાલવામાં તેણે કદી પણ ઓછાપણું કર્યું ન હોતું. લાગ મળતાં જ શિકાર વગેરે કરીને સુખથી કાળ ગાળતો હતો, એક દહાડો બાદશાહની પરવાનગીની કંઈ દરકાર નહિ રાખતા તે વાઘ, શિંહ ઇત્યાદિ મારી ખાનાર પશુઓનો શિકાર કરવા માટે દિલ્લી છોડીને ચાલ્યો ગયો પાછો આવતાં જ રજા લીધા વિના દરબાર છોડીને જવા માટે બાદશાહ શહાજહાને તેણે જરા કડવા વેણ કહ્યા અને આ અપરાધને માટે સજા આપવી પડશે એવી ધમકી તે આપવા લાગ્યો. પેલા તેજસ્વી રાઠોડ વીરને આ અપમાન ખમાયું નહિ, તેના શરીરમાં જાણે વિજળીનો પ્રવાહ વહેવા લાગ્યો હોય ને એવું થયું, ચહેરો લાલ થયો. તરવારની મુઠપર હાથ મૂકીને ઉમરાસિંહ ઘણા ગુસ્સાથી બોલ્યો, " રજપુત વીરને બીજો ત્રીજો દંડ જાણવામાં નથી તેનો દંડ કહેતા તેની તરવાર છે ! અને જયારે જયારે તેને દંડ આપવાનો વખત

આવશે ત્યારે ત્યારે તે આજ સજા આપશે ! ”

જે શહાજહાન બાદશાહ, જેની ઇચ્છાથી તે વખતે આખા ભરતખંડનું રાજ્ય ચાલતું હતું, તે ભારતેશ્વરને, તેના જ નોકર એક રાઠોડનાં આ અભિમાન વાક્યો શી રીતે ખમાય ! બાદશાહ શહાજહાન, ઘણો જ ગુસ્સે થયો, તેને લાગ્યું કે જે કેવળ મારો નોકર છે—પછી તે રાઠોડ હો અથવા બીજો કોઇ પણ હો, તે મારી જોડે આટલી ઉદ્ધતાઇથી ચાલે એ મને મુદલે ઉપયોગી નથી તે અંદરને અંદર બળવા લાગ્યો પરંતુ તે રાઠોડ વીરની પાસે પ્રત્યક્ષ શહાજહાનને પણ કેટલોક વખત સુધી બોલવાની હિમ્મત થઇ નહિ. મનમાંને મનમાં તેણે દઢ પ્રતિજ્ઞા કરી કે, આ રાઠોડનો અભિમાન હું દૂર કરીશ, તેની પાસેથી દંડ વસુલ કરી લેવો તો જ હું નામનો શહાજહાન ! ”

બીજે દહાડે બાદશાહે સલાબત જંગ નામના પોતાના એક સરદારને બોલાવીને કહ્યું કે ગમે તે રીતે ઉમરાસિંહની પાસેથી દંડ વસુલ કરવો જ જોઇએ. સલાબતજંગ બાદશાહનો એક મુખ્ય કામદાર હતો. બાદશાહનો ચાહ મેળવવાનો આ વખત સારો છે એવું સમજીને તે ઘણો જ નમ્રતાથી બોલ્યો, “ ખાવિંદનો હુકમ ખચીત બજાવવામાં આવશે. તે બજાવતાં જો બંદાનો જીવ ગયો તોપણ હું બજાવીશ. ”

આ સાંભળીને શહાજહાન ઘણો જ ખુશ થઇને સલાબત જંગને જવા કહ્યું.

૩

દિલ્લી શહેરમાં આમ ખાસ નામના મહેલમાં મોટો દરબાર ભરાયો છે; ઇતિહાસ પ્રસિદ્ધ રત્નથી શણગારેલા મયુર સિંહાસનપર બાદશાહ શહાજહાન બિરાજેલો છે; મોટા મોટા અમીર ઉમરાવો, સરદાર હાથ જોડીને સામે ઉભા રહેલા છે; દરબારમાં આજે ઉમરાસિંહનો ન્યાય થવાનો છે; ફરિયાદી સલાબતખાં દંડ વસુલ કરવા માટે ગયાથી

સલાબતખાં ઉમરાસિંહને ઘણા જ કડવા વેણ કહેવા લાગ્યો. પેલા શૂર રજપુતને તે મુદ્દલે નહિ સહન થવાથી તેણે પોતાના મુકામપરથી હાંકી મૂક્યો. પોતાની તરફ કંઇક મીઠું મરચું લગાડીને એ ખબર બાદશાહને સલાબતખાંએ કહ્યા, "હુજુર! આ મગરૂર રજપુતે મારૂં અપમાન કર્યું તેનું મને કંઇ લાગતું નથી. પરંતુ આ બંદાનું અપમાન કરીને તેણે પ્રત્યક્ષ શહાનશહાનું અપમાન કર્યું છે. બંદો આ ગાદીનો ગુલામ છે, અને ખાવિંદનો હુકમ બજાવવા માટે ગયો હતો."

એટલામાં ઉમરાસિંહ પોતે દરબારમાં આવી પહોંચ્યો. ઘણો જ ગુસ્સાવાળો થઇને બાદશાહે તેની તરફ જોયું, આ લાગ જોઇને સલાબતખાંએ ઘણીક ખોટી વાતો કહીને બાદશાહની ક્રોધની આગ સળગાવી.

પહેલા કહ્યા પ્રમાણે સલાબતખાં મોટો હોદ્દેદાર હોઇને બાદશાહની તેનાપર પૂર્ણ પ્રીતિ હતી. એવા મોટા સરદારને ઉમરાસિંહના જેવા એક હિંદુ કાફરે જ અપમાન કરવાની હિમ્મત કરવી એ બાદશાહને શી રીતે સહન થાય! એ મગરૂરીને માટે એ રજપુતને બાદશાહની તરફથી યથાયોગ્ય પ્રાયશ્ચિત આપવા શિવાય સલાબતખાંને કેમ ચેન પડે? અને તેથી જ પોતાની તરફથી ઘણાક ખોટા આરોપ ઉમરાસિંહના માથાપર મૂકીને જેના યોગે તેને ઘણી સખ્ત સજા મળે એવી તજવીજ કરવામાં સલાબતખાંએ પોતાની તરફથી કંઇપણ ઓછાપણું રાખ્યું નહિ.

ઉમરાસિંહ છેટે ઉભો હતો. જેમ જેનો દરજ્જો મોટો તેમ તેમ બાદશાહની વધારે વધારે પાસે બેસવાને તે તે સરદાર પાત્ર થતો હતો. દરબારના નિયમ પ્રમાણે બીજા ઘણાક સરદારોને ઉમરાસિંહના કરતાં બાદશાહની વધારે પાસે જગા મળી હતી. સલાબતખાં જ્યારે ભર દરબારમાં કારણ વિના ખોટા ખોટા દોષ મોટે મોટેથી કહેવા લાગ્યો, ત્યારે ઉમરાસિંહનું પિત્ત ઉછળ્યું. તે તદન ઘેલા જેવો થયો. એક ઝપાટાથી મ્યાનમાંથી તરવાર બહાર કાઢી. આગળના ઘણા મોટા મોટા

અમીર ઉમરાવોને પછવાડે મૂકીને તરત તે સલાબતખાંની પાસે આવી પહોંચ્યો. ક્રોધથી તે તદન ગાંડા જેવો થઇ ગયો હતો. સલાબતખાં તેને જોતા જ તદન નરમ થઇને બાદશાહની તરફ જવા લાગ્યો, પરંતુ તરત ઉમરાસિંહની તરવાર પેલા અસત્યવાદી સલાબતખાંના હૃદયમાં પેઠી, અને મિથ્યારોપ કરવાના પાતકથી સલાબતખાંને હમેશાંથી છોડાવ્યો !

આટલાથી જ ઉમરાસિંહનો ક્રોધાગ્નિ શાંત થયો નહિ. ખોટી બાબતો ઉપર વિશ્વાસ રાખીને જે કેવળ અન્યાયથી તેને દંડ આપવામાં લાગ્યો હતો, તે તે જ પેલા શહાજહાન બાદશાહને તેના અન્યાયી ચાલને માટે જ રજપુતનું અપમાન કરવાના મોટા પાતકને માટે પ્રાયશ્ચિત્ત આપ્યા વિના તે ક્રોધાગ્નિ શી રીતે શાંત થાય! આંખની પાંપણ હલે નહિ હલે છે એટલામાં તે જ સલાબતખાંના અપવિત્ર લોહીથી ખરડાયલી પેલી તરવાર લઇને ઉમરાસિંહ બાદશાહની તરફ કુદ્યો. પ્રખર સૂર્યની પેઠે તેની બેઉ આંખ પ્રજ્વલિત થઇ હતી. સાક્ષાત્ તે યમદૂતના જેવો જણાતો હતો. બાદશાહ તદન ગભરાઈ ગયો. સિહાસન ઉપર કુદીને મોટી મુશ્કેલથી તે જનાનખાનામાં નાસી ગયો, અને આવી રીતે તે તે વખતે શહાજહાન બાદશાહે પોતાનો જીવ બચાવ્યો.

૪

બાદશાહ નાશી જતાં જ ઉમરાસિંહ વધારે ચલ્યો. દરબારમાં જીવ બચાવવાની બધાની ગડબડ થઈ. એક હિંદુએ ભરદરબારમાં પ્રત્યક્ષ બાદશાહની સામે પોતાના કરતાં મોટા દરજ્જાના અમીર ઉમરાવોને અપમાન કરેલું જોઇને ઘણાક મોગલ સરદારોને ગુસ્સો આવ્યો હતો. પેલા કાફરે સલાબખાંને મારી નાખ્યો ! તે જોતાં જ બધાના હાથમાં નાગી તરવાર ચમકવા લાગી. બાદશાહના સિંહાસન ઉપર ઉમરાસિંહે કુદકો મારતાં જ બધાએ એકત્ર થઇને એક જ અવાજ કર્યો. જરા વખત પહેલા જે દરબાર પોતાના અપૂર્વ ઠાઠમાં, અનુપમ સૌન્દર્યમાં અને

પૂર્ણ ગાંભીર્યમાં પ્રત્યક્ષ ઇંદ્રસભાની જાણે સ્પર્ધા કરતી હોયને. તે જ દરબાર હાલ લોહીના પ્રવાહથી, છિન્નભિન્ન મૃત મુડદાથી ભયાનક જણાવવા લાગી !

એક તરફ ઉમરાસિંહ અને તેના કેટલાક અનુયાયી અને બીજી તરફ દરબારના બધા સરદારો તથા પહેરેદારો હતા. હું હું કહેતાં ઉમરાસિંહે પોતાની તરવારથી એકના પછી એક એવા પાંચ ઉમરાવોને મારી નાખ્યા. જ્યાં ત્યાં હાહાકાર થઇ પડ્યો. મોગલ સરદાર એકપછી એક પાછવાડે હઠવા લાગ્યા. સિંહાવતાર ધારણ કરેલા પેલા રાઠોડસિંહની પાસે જવાની કોઇએ પણ હિમ્મત કરી નહિ. બધાના મોંના પાણી સૂકાઈ ગયા.

આખરે પરાક્રમથી જે કામ થતું નથી તે વિશ્વાસઘાતે કર્યું ! ઉમરાસિંહનો શાલક અર્જુન ગોર, મિત્રભાવથી શાંતવન કરવાનો ભાવ દેખાડીને પાસે ગયો, અને તે અધમાધમ શાલકાપર વિશ્વાસ રાખીને તે શૂર રજપુત કંઇક બેસાવધ થતાં જ તે નીચ વિશ્વાસઘાતકી અર્જુન ગોરે એક તીક્ષ્ણ કહાડી ઉમરાસિંહની છાતીમાં ભોંકી, પોતાના અદૃષ્ટ દોષથી. પોતાનાં સગાં વહાલાંથી છેટે રહીને ને શૂર રાઠોડ વીર, તે પ્રમાણે વિશ્વાસઘાતકની બળી પડીને પોતાના જ શાલકાના હાથથી માર્યો ગયો ! તેના બધા અનુયાયીઓની પણ તેવી જ દશા થઇ.

રજપુત સ્ત્રી.

૧

" એ પેલો ભુંડ " " દોડો દોડો " " વધારે દોડો " " આ તરફ ચાલો. આ તરફ આવો "

શિકારીઓના સેંકડો ગળાની આવી બુમોએ આરાવલ્લીમાંના અંધયા નામના જંગલને ચારે બાજુએ ગજાવીને આકાશને સ્પર્શ કર્યો. ઘોડેસવારોના ત્વરિત પગલાં ઉપાડતાં અંધયાની પહાડી જમીનને થર થરાવી મૂકી, ભુંડ પ્રાણ જવાના ડરથી પહાડની એ બાજુએ પેલી બાજુએ–જંગલની એ તરફ પેલી તરફ દોડતો દોડતો આખરે જંગલ છોડીને નીચાણને રસ્તેથી એક મોટા મકાઇના ખેતરમાં આવીને અદ્દશ્ય થઈ ગયો. મેવાડનો યુવરાજ અરિસિંહ ટોળાની સાથે પછવાડે પછવાડે દોડતો આવીને ખેતરની સામે આવીને રૂદ્ધ ગતિ થઇને ઉભો,–ઘોડો ચલાવવાનો બીજો રસ્તો દીઠો નહિ. રણોત્મત્ત હાથીને એકદમ જખમ લાગ્યાથી પળને માટે જેમ સ્તંભિત થઇને ઉભો રહે છે. તેમ શિકારોતેજિત યુવરાજ શિકાર શોધવામાં અડચણ આવેલી જોઇને ઉચ્ચી ડોકના ભીણવાળા ઘોડાની લગામ ઢીલી કરતાં ભૂલીને પળ માત્ર સ્તંભિત ચિત્રર્પિતના જેવો ઘોડાપર બેસી રહ્યો, તે વખતે ગામડાની છોકરી આવીને નમીને તેની પાસે ઉભી. યુવતી તે ખેતરના માલેકની કન્યા છે, ખેતરની પાસેની ઉચ્ચી જમીનપર ઉભી રહીને ખેતરની રખવાળી કરતાં કરતાં તે શૂકરને ખેતરમાં ભરાયલો જોઇને અને શીકારી માણસોની દુર્દશા જોઇ તેઓને મદદ કરવા માટે ઝડપથી યુવરાજની પાસે આવીને ઉભી. તે વેળાએ યુવરાજે ધીરે ધીરે ઘોડાની લગામ ઢીલી કરતાં કરતાં યુવતીની સામું જોયું. તેણે જોયું કેવી સુંદર કાંતિ છે, બળવાન્ સારા ઘાટવાળું લાંબુ શરીર છે; કેવી સરળ સુંદર મુખશ્રી છે ! તેના જેવા તેવા સાદા ગામડાના પોશાકમાં તે સુગઠન શરીરનું સૌન્દર્ય જાણે વધારે ખીલી ઉ-

ઠયું હોયને, તેના ગુંથાયલા વાળમાં ટાપટીપ વિનાનો ચહેરો જાણે વધારે સુંદર દેખાતો હોયને, તે બળવાન તંદરોસ્તી ભરેલું ટાપટીપ વિનાનું સ્વાભાવિક સૌન્દર્યની પાસે મણિમુક્તાથી ભૂષિત, યત્નથી ટાપટીપ વાળું સૌન્દર્ય પણ જાણે ઝાંખું થયું હોયને એવું તેને જણાયું, યુવરાજે જોયું કે, તેના માથાપર સિંદુર નથી, હાથમાં કંકણુ છે તે છતાં લોઢા ના નથી, યુવતી કુંવારી છે. તેણે કહ્યું, "સુંદરિ, આ ખેતરમાંથી ઘોડા જવાનો રસ્તો છે કે ?"

યુવતી બોલી, "નહિ જરા ઉભા રહો, હું સૂવરની હાંકી લાઉં છું" આમ કહીને તેણે જવાબની રાહ નહિ જોતાં એક લાંબો મકાઇનો ઝુંડો ઉખેડીને હાથમાં લઇને ઝડપથી મકાઇના ખેતરમાં. અદૃશ્ય થઇ ગઇ. શિકારીઓ આતુરતાથી તે તરફ જોવા લાગ્યા. થોડીવારમાં યુવતી શૂવરને હાંકીને તેની પાસે ઉચ્ચી જગાપર લાવી. તરત શિકારીઓએ તેની તરફ ઘોડા ચલાવ્યા. વરાહે પ્રાણ જવાના ડરથી ગભરાઇને પાછો મકાઇના ખેતરમાં નાસવાનો યત્ન કર્યો—બીજી જે તરફ જતો હતો તે તરફથી દોડતાં હથિયાર બંધ માણસો હતા કેવળ મકાઇના ખેતર તરફ એકલી પેલી યુવતી માત્ર હતી, શૂવરે જોયું જો તેના હાથમાંથી નાસી શકું તો જ મારો જીવ બચે, તે મૃત્યુબળથી બળવાન થઇને સ્ત્રીની તરફ પાછો દોડયો—તેના પછી ભીષણ ગર્જના કરીને તેની તરફ આગળ જવા લાગ્યો. છેટેથી બધા સ્ત્રીની આ વિપત્તિ આવેલી જોવા પામ્યા, બધા ગભરાઇને ભયભીત થઇને ઝડપથી ઘોડાને દોડાવ્યા પરંતુ વરાહ તીર વેગથી આગળ વધવા લાગ્યો તે યુવતીના શરીર ઉપર આવવાની અણી ઉપર હતો, તે સ્ત્રી મરે છે મરે એવી સ્થિતિમાં હતી, હવે બીજા કોઇથી તેનો બચાવ થઇ શકવાનો નથી. યુવરાજનો ઘોડો ઘણી ત્વરાથી દોડ્યો. પરંતુ તે આવવાની પહેલા શૂવરે સ્ત્રીને હરાવીને બરાબર તેના હાથની પાસે આવી પહોચ્યો. યુવતીએ નિર્ભય ચિત્તથી તરત ચઢી આવેલા શૂવરના માથાને તાકીને મકાઇના છોડનો ગાંઠો માર્યો તેથી શૂકર જાણે વજ્રાહત થઇને

સ્તંભ થઇને ઉભો, એટલામાં યુવરાજનો ઘોડો પણ પાસે આવી પહોંચ્યો, પરંતુ તે વેળાએ સ્ત્રી હસતી હસતી શુવરના કાન ઝાલીને તેની પાસે ખેંચી લઇ ગઇ. યુવરાજે તેના પર હથિયાર ઉગામ્યા; બીજા બધા દિગ્મૂઢના જેવા થઇને સ્ત્રીની સામું જોવા લાગ્યા. રજપુતાનાની સ્ત્રીઓની હિમ્મતની ખોટ નથી, તથાપિ આ ગામડાની સ્ત્રીની હિમ્મત જોઇને તેઓ આશ્ચર્ય થઇ ગયા.

૨

પહેલો કુમાર. "છિ છિ આ ઘણી શરમની વાત છે."

બીજો. "તેમ જ છે. આપણે રહેવા છતાં એક સ્ત્રી–"

યુવરાજ. "શી શરમની વાત છે? આપણા દેશમાં આવી સ્ત્રી છે તે ગૌરવનો વિષય છે."

પહેલો કુમાર. "દેશનો ગૌરવ થઇ શકે, પરંતુ આપણો ગૌરવ શું રહ્યો છે? સ્ત્રીની પાસે આખરે પરાજીત થયા."

યુવરાજ હસીને બોલ્યો, "જો હરવું પડ્યું તો સ્ત્રીની પાસે–વિશેષ કરીને આવી સ્ત્રીની પાસે હરવામાં મને તો દુઃખ નથી–"

ત્રીજો કુમાર હસીને બોલ્યો, "યુવરાજ શીકાર કરવાને આવીને આપ પોતે જ અંતે શીકાર બની ગયલા દેખાવો છો!" પાસે એક વાઘના આમડાના ઉપર વિશ્વંભર ભૂડિદારજી (આખરનું નામ કુમારે આપેલું હતું) સૂતેલો ઘોરતો હતો એ બ્રાહ્મણ હતો પણ તે સંબંધમાં રાજરજવાડામાં બધાનો સાધારણ રીતે શાળો થતો હતો. કુમાર અજયસિંહના ગુરૂપુત્ર–પત્નીના મામા ભાઇની માસીની બહેનની નણંદનો એ કાકાનો ભાઇ થતો હતો, તેથી ગુરૂપુત્રની સાથે ગાઢો તથા મોટો સંબંધ હતો તે રાજવાડામાં બધાએ પોતાનું ધન સમજીને લીધું હતું. એમાં પણ તેને ઘણો વાંધો નહોતો, કેમકે તે સગપણ કરીને આખો દહાડો પગ ઉપર પગ મેલીને ગાદીના ઉપર શરીર મેલીને આળસપણું કરીને ઉંઘમાં નિર્વિઘ્નથી દિવસ ગાળે છે, અને વખતો વખત લાગ મળ્યાથી રા·

જકુમારોની ઉપર પણ સારી રીતે એક હાથ ઝાડી લેવામાં પણ ઓછાપણું રાખતો નથી. બીજા કુમારનું બોલવું વિશ્વંભરના કાનમાં ગયું તે તે જ વેળાએ ઉઠીને બેઠો, તેણે ઉંઘના બહારથી ઘણીક જાતની તે પોલિયનની રીતથી તૈયારી કરી લીધી હતી, વખતની વેળાએ બરાબર તેની ઉંઘ ચાલી ગઇ હતી, નહિ તો બીજી વખતે હજારો બુમો માર્યા છતાં પણ તેની ઊંઘ ચાલી ગઇ હતી, નહિ તો બીજી વખતે હજારો બુમો માર્યા છતાં પણ તેની ઊંઘ જ ભાગવાની કંઇપણ મગદુર નહોતી તે ઝડપથી ઉઠીને બેઠો " આ શું બોલ્યા કુમારજી ? હું તો જાણું છું જે શીકાર બન્યા છે તે તો ખચીત શૂવર છે—" બધા હાહા કરતાં હસવા લાગ્યા. તેણે વળી લાંબી હાથ મારીને સુવાની તૈયારી કરવા લાગ્યો,—એટલામાં એકદમ હસવાનો ઉછાળો બંધ થયો. પાસેના એક ઝાડમાં યુવરાજનો ઘોડો બાંધ્યો હતો એકદમ પશ્ચિમથી એક પથ્થરો બળથી તેની તરફ પડતો જોવામાં આવ્યો,—તરત ઘોડા કુદી પડ્યો અને કરણ અવાજથી બુમો પાડવા લાગ્યો. કુમારોએ જાણ્યું કે ઘોડાને માર લાગ્યો છે. તેઓએ ખુશી ખુશાલી રમત ગમત છોડીને જલદીથી ઘોડાની તરફ સામાન્ય પથ્થરના મારથી ઘોડાના પગનું હાડકું એકવાર ભાંગી ગયેલું દીઠું, આટલા જોરથી કોણે પથ્થરો ફેંક્યો છે ! એ કંઈ જેવા તેવા જોરનું કામ નથી. તેવોનો ગુસ્સો આશ્ચર્યમાં ફેરવાઈ ગયો. એ વખતે તેઓએ એ યુવતીને પોતાની પાસે આવતી દીઠી, ને પાસે આવીને બોલી,—"મને ક્ષમા કરજો, પક્ષીના જુલમથી ખેતરની રક્ષા કરવા માટે પથ્થરા ગોફણમાં નાખીને છોડતી હતી, દુર્ભાગ્યથી ઘોડાના પગમાં આવીને પડ્યો, તે માટે હું ઘણી દિલગીર છું."

ભૂકિદારજી વાઘના ચામડાના ઉપરથી તેની તરફ કટાક્ષપાત કરીને ધીરે ધીરે બોલ્યો, " સુંદરિ ! દિલગીર થશોમાં પથ્થરો ઘોડાના ઉપરથી ચાલ્યો ગયો છે તે ખુશીની વાત છે " યુવતી જરા સરળ હસવું હસીને પોતાની જોડે લાવેલું ઔષધ બહાર કાઢીને ઘોડાના પગપર

ચોપડવા લાગી, ચોપડ્યા પછી કપડાથી તે જગા તેણે બાંધી. બાંધ્યા પછી કુંમારોને ઔષધની દાબડી આપીને તેને ચોપડવાના નિયમો વગેરે કહીને ત્યાંથી તે જતી રહી. રાજપુત્રોના ગુસ્સાનો ભાવ પ્રશંસાના ભાવમાં પૂર્ણ થયો. સ્ત્રીએ ઘોડાને મારીને ઘોડાના માલેકનો ધન્યવાદ મેળવ્યો. યુવતી ગયાથી કુમારોનો મુગ્ધભાવ ચાલ્યો ગયો અને તેઓના મોં ઉઘડ્યા, એકે કહ્યું, "આશ્ચર્યકારક બનાવ ! પેલા કોમળ હાથમાં શતઘ્નિનું બળ છે ! "

શાળાજી બોલ્યો " શતઘ્નિ હોત તો બચાવ હતો, એકીવારના કામમાં થતી જાત, તથા હાથના ગોળા જે ઉપર આવી પડે છે તે તો એકીવારે મરતા નથી, અધમુવો થાય છે. આ બોલવું બધાને સારૂ લાગ્યું, યુવરાજની તરફ બધાએ જોઇને હસવાનો આરંભ કર્યો, યુવરાજ પણ હસીને બોલ્યો." મરવામાં બાકી હતું ખરૂં, પરંતુ તમારા બોલવાથી હથિયાર નહિ પડ્યાથી તે પણ કદાચ હવે બાકી રહેશે નહિ "

એક પરિષદ બોલ્યો, " યુવરાજ, કંઇ પણ કામ થયું ન થયું. શિકાર કરવા આવવામાં કષ્ટમાત્ર સાર થયું, હવે જો વાતચિત કરવી બંધ થાય તો શી રીતે બચીએ વારૂ ? "

બોલવું ઘણું જ સાચુ હતું; જ્યાં કામની ખોટ હોય છે ત્યાં વાતચિત્તનો રેલો ચાલે છે. યુવરાજે કહ્યું. " કામને માટે આટલો આતુર થાઓ છો હું કામનો બંદોબસ્ત કરૂં છું. ચાલો બધા એકત્ર થઇને એકવાર ગામને પ્રદક્ષિણા કરી આવીએ અને તેની જોડે યુવતીની ઓળખાણ મેળવીએ, એ એક અસાધારણ સ્ત્રી છે; ઘરમાં જઇને તો તેના વિશે વાત તો કરવી જોઇએ. " આ કહેવું બધાને પસંદ પડ્યું. પહેલા કુમારે કહ્યું, " આવું જ હું આપને કહેવા માટે જતો હતો. "

બીજા કુમારે કહ્યું, " તમે તો આવું કહેવા જતા હતા પણ હું તો સવારથી આવું કહેવાના વિશે વિચાર કરતો હતો. "

ત્રીજો બોલ્યો, " તમે તો વિચાર કરતા હતા, મેં તો મહારાજને

આ વિશે તે વેળાએ જ કહી હતી. "

ચોથો બોલ્યો, " હા તમે કહ્યું હતું ! યુવરાજને પૂછી જો. મેં પહેલા કહ્યું હતું કે નહિ " પરિષદો દમામથી બોલ્યો, " એઓ મોટા માણસો છો, પરંતુ નાનાનું ધન લઇને; તે છતાં તે વાત પ્રકાશ કર્યાથી મોટું કાંડ છે ! તે મોંએથી તો કહેતા નથી, મનમાંને મનમાં તો ચુપ રહી શકતા નથી, " શાળાજીએ જોયું કે મોટી ગડબડ મચશે તેથી તેણે કહ્યું, " હું તેનો ફેંસલો કરી આપું છું યુવરાજના શિવાય બીજા બધા એ આમ કહેણ પહેલાથી કહ્યું હતું. "

મોંએ બધા હસ્યા, પરંતુ બધાં મનમાંને મનમાં વાત પોતાના પક્ષમાં ઠીક કહ્યું છે તે ધર્યું અને કોણ જાણે ભવિષ્યમાં એવો એક દ-હાડો આવ્યો હતો કે નહિ જે દહાડે યુવરાજના શિવાય બીજા શિકારી-ઓએ પોતાનું કહેવું તરીકે જૂદી જૂદી જગાએ પ્રખ્યાતી મેળવી હતી. ઘણું કરીને જગતમાં આવો નિયમ દીઠામાં આવે છે.

૩

રાજકુંવરો ઘોડા ઉપર ચઢીને ગામની તરફ જવા નીકલ્યા. પ-હાડી માર્ગ હતો; રસ્તો એક બાજુએ પહાડની તરફ મોટા મોટા ઝાડ જંગલ બાંધીને ઉપર જતો હતો. વળી એક બાજુએ દૂર અતિ દૂરમાં આકાશની તરફ પહાડની હાર સુનીલ વાદલાંના જેવા માથા ઉચ્ચા ક-રીને ઉભા હતા. સાંઝનો વખત હતો, સૂર્ય સવારોની પછવાડેની તરફ એક પહાડના શિખરની આડમાં છુપાઇને પ્રકાશ આપતો હતો અને તે-ઓની સામે અનંત નીલ આકાશમાં ચંદ્રમાં ઉડ્યો હતો. સૂર્યના પ્રકા-શમાં ચંદ્રનું અજવાળું ભળીને ચારે બાજુએ જરા સ્વર્ણમય સ્નિગ્ધ—રજતાભામાં રંજિત કરીને પાસે રૂપરી કણામાં ઉચ્છવસિત ઝરણાનાપર ઝળ ઝળ કરી ઉઠયો હતો, આકાશના પૂર્વ ખુણામાં એક બે તારા મૃદુ મૃદુ ચમકીને તે ઝરણાના ઉજ્વળ પાણીના કણ ઉપર જરા જોતા હતા. ધીરે ધીરે વાયુ વહેવાનો આરંભ કરીને પહાડના શિખર ઉપર પ્રતિહત થઇને ઝાડે ઝાડે વાસળીનો તાન કાઢીને જોરથી પાછો જતો

હતો, ઘોડે સવારો પ્રકૃતિના તે સ્નિગ્ધ શોભા જોતા જોતા રસ્તાનો એક વળાવ છોડીને ગામના રસ્તાપર પગ મૂકયો, તરત તે દેખાવ ફેરવાઈ ગયો, જે શૃંગના ઓથમાં સૂર્ય છુપાઇ ગયો હતો તે શિખર તરત તફાવતમાં પડી ગયો હતો, છુટો થયેલા સૂર્યના કિરણ ચારે બાજુએ એકદમ લાલ લાલ થયા, ચંદ્ર તારા દૃશ્યના બીજી તરફ છુપાઇ ગયા.

એક જ વખતે ફરતા રસ્તાની એક બાજુએ સૂર્યનો પ્રકાશ છે અને એક તરફ ચંદ્રનો પ્રકાશ છે એક બાજુએ દિવસ છે એક બાજુએ દિવામય સંધ્યા છે—ચંદ્ર સૂર્ય વિકાશનું આ રહસ્યમય સાંઝની શોભા કેવળ પહાડી મુલકના કોઈ કોઈ જગાએ જોવામાં આવે છે. ઘોડે સવારોની પાસે જો કે આ દેખાવ કંઇ નવો નહોતો, તથાપિ આ સુવર્ણ ખચિત લાલ દેખાવમાં પડીને તેઓ મુગ્ધ થઇ ગયા, એ લાલ સમુદ્રમાં નાહીને તેઓની મુગ્ધ નેત્રની સામે એક ઉન્નત શરીરની યુવતી મૂર્તિ આવી પડી. યુવતીને માથે દૂધનું ઠામ હતું, બે બાજુએ બે ભેંસની પીઠ ઉપર બે હાથ મૂકીને યુવતી તેઓને લઇ જતી હતી, કુમારોએ યુવતીને ઓળખી, તેઓએ પોતપોતામાં ધીરે ધીરે કંઈ કહ્યું, કંઇક સલાહ કરી, બધા હસવા લાગ્યા, યુવરાજે હસવાનું દબાવીને જુવાન સ્ત્રીની તરફ ઘોડો દોડાવ્યો, બધા દોડતાં જાણે કંઈ રહસ્ય જોતા હોય તે પ્રમાણે જોવા લાગ્યા. યુવરાજે ઘોડો દોડાવીને એકદમ અસાવચેતની અવસ્થામાં એકીવારે યુવતીના ઉપર આવી પડયો, પડયો થયું, હવે જાણે તેને ઘોડાને રોકવાની શક્તિ નથી, તે ભયાર્ત્તસ્વરથી બુમ પાડીને બોલ્યો, “ સુંદરિ ખસો ખસો—રસ્તો આપો—” તેની મતલબ એવી હતી કે યુવતી ડરથી ગભરાઇને નાશશે કે તરત તેનું દુધનું ઠામ માથા ઉપરથી પડી જશે અને તેઓ બધા આમ થતું જોઇને હસશે તેથી સ્ત્રી શરમાશે અથવા ખશિયાણી થઇ જશે.

“ ખસો ખસો ” બોલતો બોલતો યુવરાજ યુવતીની પાસેની ભેંસો તથા યુવતીમાં આવીને પ્હોંચવાની ઇચ્છાથી ઘોડાને જરા વળાવ્યો.

પાસેના ઘોડેસવારોનું હસવું પળવારને માટે બંધ થયું, તેઓ ધારવા લાગ્યા કે રહસ્ય કદાચ ખરેખર પ્રાણઘાતક થઈ પડે. નિસ્તબ્ધતાથી તેઓ આખરનું પરિણામ જોવા માટે રાહ જોવા લાગ્યા. યુવતીએ યુવરાજની મતલબ જાણી, તેણે સમજી લીધું કે તેના શરીરની બરાબર પાસેથી મને ધક્કો મારીને જવા ચાહે છે પરંતુ તે તેમાં જરા પણ વિચલિત નહિ થતાં–જરા ખસવાનો યત્ન નહિ કરતાં પાસેના ભેંસનું શિંગડું હાથમાં ઝાલીને યુવરાજના દોડતા ઘોડાના શરીરમાં લગાડયું ઘોડો એકદમ ચમકીને કુદી પડ્યો. યુવરાજ અસાવચેત અવસ્થામાં હતો તેથી એકદમ પડી ગયો. તેણે જે રહસ્યનો જમાવ કરવાને ઇચ્છયું હતું, તે જમ્યું ખરૂ પણ બધી રીતે ઉલટું બન્યું. યુવરાજ પડતાં જ સ્ત્રી પાસે આવીને તેને ઝાલીને ઉપાડયો, ઘોડેસવારો પાસે આવી પહોંચ્યા. પરંતુ બીજા કોઇની મદદ જરૂર પડી નહિ, તે પોતે ખિશિયાણો થઇને પોતે ઉઠીને ઉભો થયો. યુવતીએ કહ્યું, " માફ કરો, મારી ઇચ્છાથી આવું થયું નથી." યુવરાજ શરમને માટે કંઇ જવાબ આપી શકયો નહિ તે વેળાએ ધીરે ધીરે એવો પ્રશાંત ભાવથી જતો રહ્યો કે જાણે કંઇ જ થયું નહિ હોય. સ્ત્રી જતી રહી, યુવરાજે પહેલા જોયું કે મને કોઈ જગાપર વિશેષ માર પડ્યો છે કે નહિ; જોયું તો સૌભાગ્યથી ક્યાં પણ લાગ્યું નહોતું. તે વેળાએ બધા સારીપેઠે હસવા લાગ્યા. હસવું બંધ થયું. પછી એક જણે કહ્યું. " યુવરાજ ! આ શું થાય છે ? આખા દહાડામાં કંઇ પણ સુકરવાર થયો નહિ."

યુવરાજ બોલ્યો, " એને જે ગ્રહ કહે છે.

બીજા એકે કહ્યું, "ગામ સુધી જઇને હવે ગ્રહને આખરે એકવાર જોવામાં આવે "

યુવરાજ બોલ્યો, "કેઇ શરમથી હવે ગામમાં જઇએ, એક ઘોડાને સંભાળી શકયો નહિ હવે મોં શી રીતે દેખાડું ? "

બીજા એકે કહ્યું, " ઘોડાને સંભાળી શકયા નહિ હવે જીવ સં·

ભાળીને ઘર પાછું ફરવાથી–"

ખરેખર હવે તે વેળાએ ગામમાં જવાયું નહિ. તેઓ એક પાસેની નદીના કિનારાપરના ઝાડની નીચે બેસીને સૂર્યાસ્ત જોવા લાગ્યા. થોડીવારે એક ગામના રહેવાસીને પાસેથી જતો જોઇ વિશ્વંભર ઉઠીને ઉભો થઇને બોલ્યો, બેસો હું તપાસ કરીને આવું છું જનારા ગામડીઆ માણસની પાસે જઇને વિશ્વંભરે પછવાડેથી કહ્યું, " ભાઇ તારૂં નામ શું છે ? " ગામડીઆએ પછવાડે જોતાં જ ઘણી જ અજાણી મૂર્તિ જોઇ. તેણે જરા અકડાઇને બોલ્યો, " તે સમાચાર મેળવાની તારે શી ગરજ છે ભાઈ ? "

બ્રાહ્મણને ઘણો ગુસ્સો ઉપજ્યો, તે બોલ્યો, "નામ પૂછ્યું હતું તે કેટલું વાંકું છે તે તો બેટો સમજતો નથી " ગામડીઆએ હાથમાંની લાકડાના ઉપર બે હાથ મૂકીને ગુસ્સાવાળી આંખથી તાક્યું, શાળાજી બોલ્યો, હો ત્યારે તો હું મરી ગયો, હું શું હવે ગુસ્સો કરી શકતો નથી ? " ગામડીઆએ કહ્યું, " તું શું ગાંડો છે, ચાલ્યો જા, પાછો જો બોલીશ તો મોં ભાંગી નાખીશ." વિશ્વંભર રાજકુંવરનો પ્રિયપાત્ર હતો, તેની છાતી એક સામાન્ય ગામડીઆના બોલવાથી દબાય એવી નહોતી. તે બોલ્યો, "ચાલ્યો જઇશ ! એની બોલવાથી ચાલ્યો જઇશ ! જાણતો નથી બેટા હું કોણ છું ? મોં સંભાળીને બોલ "–ગામડીઆએ જમીનપર પગ મારીને બોલ્યો, તમે જેની જોડે વાત કરો છો તે કોણ છે તે જાણો છો.–એક રજપુત છે. "

વિશ્વંભર " રજપુત છો ? તારા જેવા ઘણા રજપુતો મેં દીઠા છે, શું કહું કલિકાલ છે, નહિ તો આજે બ્રાહ્મણના તેજથી તને અહિંયા રાખ કરીને જાત " રજપુત હવે હસવું સંભાળી શક્યો નહિ. બ્રાહ્મણ દાંત દેખાડીને બોલ્યો, " વળી હસે છે ? ચાલ બેટા યુવરાજની–" આ વખતે બે પરિષદો ત્યાં આવી પહોંચ્યો. તેઓએ ઝાડની નીચેથી બેઉના મોટા અવાજો સાંભળીને સમજ્યા હતા કે મહારાજ ગડબડ મ-

ચાવે છે. પાસે આવીને બોલ્યા, ભાઇ આ બ્રાહ્મણની વાતને ગણકારશો ના. અને ઘેલા સમજજો–"

રજપુત બોલ્યો, "હા ગાંડો જોઉછું– "

વિશ્વંભર ગુસ્સો કરીને ચાલ્યો ગયો. સભાસદોએ કહ્યું–" ભાઇ એક વાત પૂછવા આવ્યો છું–કૃપા કરીને કહ્યાથી ઘણો આભારી થઇશ, આજે સવારે એક કન્યા અંધયા જંગલની પાસે એક મકાઇના ખેતરની સાચવણી કરતી હતી તેનું ઠેકાણું કયાં છે ! તે કોણ છે તે તમારા જાણવામાં છે ?

રજપુત " તે મારી દીકરી થાય. આ ગામમાં અમે રહીએ છીએ. " વિશ્વંભરે જવાની વખતે આ બોલવું સાંભળીને દોડતો જઇને યુવરાજને આ સમાચાર આપ્યા, યુવરાજે તરત પેલા રજપુતને મળવાની ઇચ્છા કરીને એક કુમારને તેની પાસે મોકલ્યો. રાજકુવર પાસે આવીને બોલ્યો, " મહાશય, મેવાડના યુવરાજ આપને મળવા ચાહે છે. જો કૃપા કરીને–" બોલવું પૂરૂં નહિ થતાં જ રજપુત ગર્વવાળા અવાજથી બોલ્યો, "મહાશય, માફ કરજો. તે મેવાડનો યુવરાજ છે હું આ ગામનો માલેક છું. અહિંયાં કોઇ આવે તો પહેલા મારી જોડે મોલાકાત કરે છે નહિ તો અમે ગામડાના રહેવાસીઓ આવનારની ચાલને માટે જંગલીપણુ જાણીએ છીએ, મેવાડના યુવરાજે પોતાનું કર્તવ્ય પાલ્યું નથી, પરંતુ મેવાડના યુવરાજ છે તેથી તેમની અરજથી હું મારૂં કર્તવ્ય ભંગ કરી શકતો નથી, હું બીજી જગાપર જેવી ચાલ ચલાવું છું, તે યુવરાજ સમજીને તેના સંબંધમાં ઉલટી ચાલ ચલાવીને હું પોતાને અવનત કરી શકતો નથી, નિયમની આગળ નાનો મોટો કોઈ નથી. "

કુમારો સ્તબ્ધ થયા, એક સામાન્ય રજપુતનો આટલો અહંકાર ! પરંતુ એ આશ્ચર્ય ભાવમાંને ભાવમાં બીજો એક મોટો આશ્ચર્ય બનાવ બન્યો, રજપુતના બોલના જવાબમાં યુવરાજ પોતે પછવાડેથી આવીને તેણે આવું કહ્યું, " મેવાડના યુવરાજે આપની જોડે મળતાં આપના સં-

માન પ્રદર્શનમાં જે ઓછાપણું દેખાડ્યું છે, તે આપની કન્યાનો હાથ મેળવવાની અરજ કરીને હમણાં તેનું પ્રાયશ્ચિત કરવાને તૈયાર થયો છે. "–

બધાએ જાણે કંઇ સાંભળ્યું પણ વિશ્વાસ કરી શકયા નહિ. ખરેખર યુવરાજ એક સામાન્ય રજપુતની કન્યાની જોડે પરણવા ચાહે છે ! પરંતુ હજી તેઓ વિસ્મયની છેલ્લી સીમામાં આવ્યા નહોતા, યુવરાજના બોલવાથી રજપુત અભિમાનના અવાજથી બોલ્યો, યુવરાજ આ કહેણથી આપે મને ઘણો સન્માનિત કર્યો છે. ખેદનો વિષય એ છે કે હું તેમાં તેટલો સન્માનિત થતો નથી."

ત્યારપછી રજપુત જવાબની નહિ રાહ જોતાં અભિમાનનાં પગલાં ઉપાડતો ચાલ્યો ગયો, બધા આશ્ચર્યથી, ગુસ્સાથી, અપમાનથી નિમગ્ન થઈ ગયા."

અભિમાનથી રજપુત કુમારોની જોડે વાત કરીને ઘરમાં આવતાં જ તેનો ગર્વ તરત પૂર્ણ થયો, મેવાડના યુવરાજને કન્યા આપવાનું ના પાડ્યું છે એ સાંભળીને તેની સ્ત્રીએ તેને ઘણો ઠપકો આપીને તરત સ્વામીના દોષને માફ માગીને તથા કન્યાના લગ્નમાં સંમતિ જણાવીને યુવરાજની પાસે માણસ મોકલ્યું. બીજે દહાડે યુવતીની જોડે યુવરાજનું લગ્ન થયું. યુવરાજ શીકાર કરવા માટે આવીને વધૂની જોડે ઘેર ગયો. એ પટ્ટરાણીને પેટે પછીથી વીરશ્રેષ્ઠ હામીર–જેણે ૧૨ વર્ષની ઉમ્મરમાં શત્રુના ઉપર જય મેળવીને મેવાડના રાજકુળને ઉજ્વલ કર્યું હતું–તેનો જન્મ થયો.

રાખડી બંધન.

રજપુતાનાની સરહદપર એક મોટા ડુંગરના કિલ્લાના દિવાનખાનામાં થોડાક વીરો તથા કામદારો કંઈક મસલત કરવાને બેઠા હતા. વચ્ચમાં નાગોરનો વૃદ્ધ રાજા માનસિંગ એક ગાદીપર બેઠો હતો. તેની મુદ્રા ચિંતાતુર થયેલી જણાતી હતી, તેની આસપાસના માણસોની પણ તેવી જ સ્થિતિ થઇ હતી તથા તેવી સ્થિતિ થવી એ સ્વાભાવિક જ હતી. કારણ કે રાજાના કુંવરો પોતાનું કેટલુંક લશ્કર લઇને મોગલ બાદશાહને માટે દક્ષિણમાં લઢવા ગયા હતા. એ લાગ જોઇને ગૂજરાતનો યવનરાજા પોતાનું મોટું લશ્કર લઇને નાગોર રાજ્ય ઉપર હુલ્લો કરવા માટે આવ્યો હતો. પોતાની નગરીનો પોતાના તરફથી બચાવ કરવો મુશ્કેલ ભરેલું જોઇને પોતાની સ્ત્રી, છોકરી જવાહીર તથા વૃદ્ધાવસ્થાથી લઢાઇમાં જવાતું નહોતું, એવા ગરાશીઆ તથા તેમની બાયડી છોકરાંની સાથે વૃદ્ધ રાજા ગોદાવરના પહાડી કિલ્લામાં જઇને રહ્યો હતો. પોતાની રાજધાની નાગોર તથા તેમાંના પોતાના આરસના રાજમહેલપર તેને પાણી છોડયું હતું. એ ગોદાવરના કિલ્લામાં અનાજના કોઠારો ભરેલા હતા; તળાવમાં પાણી ઘણું હતું. પરંતુ વિસ્તીર્ણ ગઢનું રક્ષણ કરવા માટે માત્ર સિપાઇઓની ખોટ હતી. મુસલમાનના લશ્કરે પહેલા જ ઘેરી લેવા માંડયો હતો, તેથી શત્રુના તાબે થવું અથવા મરવાની તૈયારી કરવી એના શિવાય માનસિંગને બીજો રસ્તો નહોતો. બીજી કોઇ જગાએ નાશી જતા અટકાવવા શત્રુના ઘોડેસવારોએ નાકા ઘેર્યા હતા. તેથી તે ઘેરાને વટાવીને જો કદાચિત બહાર નીકળવામાં આવે તો આ સવાર જલદીથી પકડે અને પોતાને મારી નાખે એવો ડર ઉપજ્યો હતો.

પોતાની પાસે જે કંઈ નાનુ લશ્કર હતું તેટલાપર આધાર રાખીને રહેવું મુશ્કેલ હતું. બહારથી મદદ મળવી શક્ય છે કે નહિ એ વિષે ઘણો જ વિચાર થતો હતો; પરંતુ શરણ અથવા મરણ આમાંથી

છુટવાના ચિહ્ન જણાતા નહોતા. ફેરોજશાહની જોડે ટક્કર લઇ યશ મેળવવા જેટલો દમ પાસેના કોઇપણ રાજામાં નહોતો. શરણ ગયાથી રાજકુંવરીઓને મુસલમાનોના જનાનખાનામાં જઇને રહેવાનો કઠણ પ્રસંગ આવશે તેથી બેઆબરૂના કરતાં ઝેહર વિધિથી મારી નાખવાનો નિશ્ચય કર્યો. શરણ તો જવું જ નહિ, પરંતુ તે વિષયમાં વાતચિત્ત કરવામાં કંઇક કાળ ગાળવો; કિલ્લાને પકડી રાખવો, એટલાથી જો સંકટ ટલ્યું નહિ તો સ્ત્રી છોકરાંને અગ્નિના સ્વાધીન કરવાં, કેશરી વસ્ત્ર પહેરીને હાથમાં તરવાર ઝાલીને તથા મરવા માટે અથવા મારવા માટે કિલ્લો છોડીને બહાર નીકળવું એવો તેઓએ પોતપોતામાં વિચાર કર્યો.

એવો વિચાર કરીને માણસો પોતપોતાના મુકામપર પાછા ગયા, ત્યાં પોતાના નશીબમાં શું છે તે જાણવા માટે તેઓનાં સ્ત્રી છોકરાં વાટ જોતાં બેઠાં હતાં, રાજાની કુંવરી પન્ના પણ પોતાના બાપની રાહ જોતી બેઠી હતી. પાછો પોતાના મહેલમાં ગયો તો પણ પોતાના દુર્ભાગ્યની કાહાણી કહેવાની હિંમત તેને આવી નહિ, તથાપિ મૃત્યુના પાશે પોતાને ઘેર્યો છે એટલું તેને જેમ તેમ કહ્યું, વધતાં ઓછાં પ્રમાણમાં બધાને ખરાબ લાગ્યું પણ પન્નાની વાત તદન જૂદી જ હતી, તે રોતી બેઠી નહિ. બારીમાંથી બહાર જોતાં આદિકંદ પહાડ ઉપર તેની નજર પડી ત્યાં ઉમેદસિંગ નામનો એક રજપુત કુમાર રહેતો હતો, તે બે વર્ષ પહેલા એક જગાપર જય મેળવીને તે નાગોરમાં આવ્યો હતો તે વેળાએ તેની પોતે સ્ત્રી થવી એવું લાગ્યું હતું, તેને રક્ષા બંધ એટલે રાખડી મોકલીને પોતાનો કરવો તેથી તે પોતાના બાપને મદદ કરવામાટે ખાસ આવશે એવું તેને જણાયું.

મનમાં આવતાં જ તેણે પોતાના બાપની પાસે વાત કાઢી એક જમીનના સંબંધમાં બેઉ વચ્ચે કંઇક વાંધો હતો; તે છતાં પન્નાએ પોતાના બાપને સમજાવ્યું તથા સોનાની રાખડી તેની તરફ મોકલવાનું નક્કી કર્યું. હિરાથી જડિત સોનાની રાખડી કાઢીને પોતાના વિશ્વાસુ નોક-

રના છોકરાને બોલાવ્યો તથા તે કામ કરવાનું તેણે કબૂલ પણ કર્યું. બધાની રજા લઇને દરવાજાપરથી તે નીચે ઉતર્યો અને ડુંગર તેના જાણવામાં હોવાથી અંધારૂં હોવા છતાં પણ હરણના જેવો તે કુદકા મારતો નીકલ્યો. ઘેરી લીધેલા પ્રદેશમાં બહાર આવતાં જ તેને જણાયું કે, હું હવે સહેલાઇથી જઇશ. પણ જેવો જરા આગળ વધ્યો કે પાસેની ઝાડીમાંથી એક કદાવર પુરુષ નીકલ્યો જેણે તે છોકરાને પકડ્યો, અને કહ્યું કે અમારા રાજા સાહેબ તંબુમાં બેઠા છે તેની પાસે તને આવવું જોઇશે.

પોતાનું કાંઇ ચાલતું નથી એવું સમજીને તે પેલા મુસલમાનની જોડે નીકલ્યો, હવે મારી ઝડતી લેવાથી તરત રાખડી• નીકળશે એવી તેને ફીકર ઉત્પન્ન થઇ. તથા ગમે તે થાઓ," એક વખત છુટવાનો યત્ન કરવો જોઇએ. પછી તેમાં મરણ થાય તો ચિંતા નથી. એવું તેના મનમાં આવ્યું. છોકરો નાનો છે, ગરીબ છે, એવું જોઇને તેનો એક જ હાથ પેલા મુસલમાને ઝાલ્યો હતો. તેના બીજા હાથમાં હથિયારો વગેરે છે કે શું તે તેને જોયા નહોતા. ગમે તેમ હો, મુસલમાન સાવચેત વિનાનો છે એવું જોઇને છોકરાએ પોતાની કટારી તરત કાઢીને તેની છાતીમાં ભોકીને પોતે છુટો થયો. તીરના જેવો દોડ્યો અને મુસલમાન તેની પછવાડે દોડ્યો.

આ ગડબડમાં તેની પછોડી નીચે પડી ગઇ તે લેવામાટે મુસલમાનની જોડે કુસ્તી કરીને પછોડી મેળવી તેમાં રાખડી હતી તે હાથમાં આવતાં જ તેને તે માથા ઉપર બાંધી અને ફરી પોતાનો રસ્તો પકડ્યો.

કટારી લાગવાથી મુસલમાને બુમ પાડી ત્યારે જૂદી જૂદી જગાપરથી લોકો દોડતા આવ્યા. તેના હાથમાં મસાલો હતી, તેથી બણીને સાવધ રહેવાયું. એક જણ ઘોડા ઉપર બેસીને ચાલતો હતો; પણ પહાડ ઉપર તથા જંગલમાં ઘોડાનો ઉપયોગ થતો નથી એવું સમજીને તેણે તે ચાકરને સ્વાધીન કર્યો તથા તે પગે ચાલતો નીકલ્યો. ઘોડા

મસ્તીખોર હતો, નોકરથી તે સંભાળી શકાયો નહિ. બણી એટલામાં પાસે ગયો તથા હું સંભાળું છું એવું બોલ્યો. ઘોડાની લગામ તેણે હાથમાં લીધી તથા ડોકપર હાથ ઘાલ્યો ને તરત તેના ઉપર ચઢી ગયો અને ઘોડાને એડી મારીને સૂર્યોદયની પહેલાં આરિકંદના કિલ્લામાં જઇને ઉભો કર્યો. તેને વિનંતી કર્યાથી પહેરેદારે તેને રાજમહેલમાં જવા દીધો. તેના આંગણામાં બે ઉંચ્ચા જુવાન પુરૂષો શીકારના પોશાક ધારણ કરીને ઉભા હતા. તેમાંથી ઉમેદસિંગ ફલાણો છે એવું બણીને માલમ પડતાં જ તે એકદમ તેની પાસે ગયો અને તેના હાથમાં પન્નાએ આપેલી રાખડી બાંધી અને એવું જણાવ્યું કે પન્નાના બાપને ગોદવરના કિલ્લામાં ફેરોજશાહે ઘેરો ઘાલીને બંધ કર્યો છે, તેથી તેની મદદમાં ચાલો. બેઉ રાજ્યમાં ઘણા વર્ષોથી વૈર હોવા છતાં પન્નાએ જે રાખડી પોતાને મોકલી છે તે બાબત ઘણી જ માનની લાગી.

તરત પોતાના સોબતીને કહ્યું, “ હરિણ, ચિત્તા અથવા વાઘ એના કરતાં મોટી શોધ આપણને મળી છે. હું પન્ના રાજકુંવરીનો રાખડી બંધ ભાઇ થયો છું, તેથી માનસિંગને છોડવા માટે ફેરોજશાહ ઉપર સ્વારી કરવાને મને જવું જોઇએ. તેથી મારા તમને જુવાર છે.

તે વેળાએ ઝાલીમસિંગે કહ્યું, “ અરે જુવાર શેના ? પન્ના જેવી તારી બહેન થઇ છે તેવો હું તારો લઢાઇનો ભાઇ થયો છું. તમારો આદરાતિથ્ય ખાનારા મારા પંચાસ ગરાશિયા અહિંયાં છે તે તમારા વાવટાની નીચે ગોદવર લઢાઇ કરવામાં આનંદ માનશે. ”

ઝાલીમસિંગના મોંમાંથી આવા શબ્દો નીકળતાં લઢાઇને માટે વીરોના બાહુ ફરકવા લાગ્યા. લઢાઇની તૈયારી કરવામાં બધા લાગ્યા. બણી તથા તેના ઘોડાની ખાવા પીવાની તથા દાણા પાણીની વ્યવસ્થા થઇ.

પેલી તરફ ફેરોજશાહનું તોપખાનું જો કે બે ત્રણ દિવસના ફાસલે હતું તોપણ તેણે ગોદવર ઉપર ઘેરો નાખ્યો હતો. જે દહાડે બણી અરિકંદમાંથી નીકલ્યો હતો તેજ દહાડે ગોદવરના એક માણસને ફોડીને

સૂર્યોદયની પહેલાં જ તટ ઉપર ચઢવાનો પ્રયત્ન થયો. તેણે ઉપર જઇને દોરડું છોડ્યું તથા તેની મદદથી હવે ફેરોજશાહના માણસો ચઢવાના હતા તેજ કિલ્લાપરના પહેરેદારે ફિતુરોનાં માથાં ઉરાડીને દડાના જેવા નીચે નાખી દીધાં.

બીજે દહાડે સુરંગનો બંદોબસ્ત કરવા માટે તથા ખાણ ખોદવાનો આરંભ થયો. નાની નાની લઢાઇ થઇ; પરંતુ તોપખાનું આવવા ઉપર મુખ્ય કામ અવલંબીને રહ્યું. તોપખાનાપર હુશિયાર ફિરંગી ગોલંદાજ હતો. તેના ઉપર ફેરોજશાહનો બધો આધાર હતો. મધ્યરાતે ઉમેદસિંગની પાસે કાચલી તથા નથ લઇને એક માણસ આવ્યો તથા તટ ચઢીને કિલ્લાપર ગયો અને ઉમેદસિંગની મદદ કરવાં વિષે તૈયારી છે એવા સમાચાર તેણે માનસિંગને જણાવ્યા.

ઉમેદસિંગ તથા ઝાલીમસિંગ પોતાનું પાંચ હજાર સૈન્ય લેઇને નીકલ્યા. ફેરોજશાહનું લસ્કર તેના કરતાં ઘણું હતું તેથી પ્રત્યક્ષ સામના લેવું ઉપયોગી નથી; કોઇ જાતની હોશિયારી લઢાવી જોઇએ મુખ્ય બાબત શત્રુના તોપખાનાની, અન્ય સામગ્રીની, લશ્કરની વગેરે મેલાપ કરાવો નહિ એવો વિચાર કરીને અમદાવાદનો રસ્તો તેઓએ રોકયો. ત્યાં તેઓના મુકામ આવી પહોચતાં જ ફેરોજશાહનું તોપખાનુ આવે છે, તેની જોડે થોડા માણસો છે તથા તે બે સાવધ છે એવા ખબર ઉમેદસિંગને મળતાં જ રસ્તાની બેઉ બાજુએ છુપા રહ્યા. તોપખાનાના પહેલાના સવાર આગળ ગયા પછી બેઉ તરફથી તરત હલ્લો કરીને તેઓની ધુળધાણી કરી તોપખાનું સ્વાધીન થયું પણ તે રાખવાની પંચાતીમાં પડ્યાથી આપણને વધારે કંટાળો ખમવો પડશે તે જાણીને તોપો તળાવમાં નાખી. તોપખાનુ તુટયાથી ગોદવર તો રહેવા દો, પણ ફરી ગુજરાત નજરે પડશે કે નહિ એવું તેને થયું.

રજપુતોને આથી હિમ્મત આવી. આ જયની વાર્ત્તા દૂર પસરતાં જ પાસેના રાજ્યમાંથી ઉમેદસિંગને મળવા માટે રજપુતો તૈયાર

થયા. ખુદના ગોરમાંથી પણ બે બે ત્રણ ત્રણ લોક આવીને મળવા લાગ્યા. ફેરોજશાહની પરાજય થવાને લીધે તેણે સુરંગ ફોડીને કિલ્લો તોડવાનો યત્ન કર્યો; પરંતુ ઉપરના લોકોએ દાદ આપી નહિ. સુરંગના અવાજથી ઉમેદસિંગ સાવચેત રહ્યો. તેણે પોતાનું મુખ્ય લશ્કર કિલ્લાપર સવારી કરનારની પછવાડે લગાડ્યું. તેથી ફેરોજશાહને બે તરફ લક્ષ આપવું પડ્યું. તેના વિના ત્યાં થોડીવારમાં બીજી જગાપર ઝાલીમસિંગ ત્રાસ આપવા લાગ્યો.

ઉમેદસિંગનો પરાજય કરીને ગુજરાતનો માર્ગ ખુલ્લો કર્યા વિના પોતાના પગ ધરતી ઉપર લાગતા નથી એવું ફેરોજશાહને જણાયાથી તેને લઢવાની તૈયારી કરી. પ્રત્યક્ષ સામે થવાથી પરાજ્ય થવાનો એવું રજપુતો સમજતા હતા. તેથી પછવાડે ખસતાં ખસતાં ગોદવરનો તલ તેઓએ હલાવ્યો અને એકદમ બીજી બાજુએ તેના ઉપર ઝડપ મારી તેમાં થોડો યશ મળ્યો; પણ ફરી સપ સપડાયા. એટલામાં એક હજાર રજપુતોએ ગોદાવરનો મુખ્ય દરવાજો એ કે બેઉ લશ્કરની ઝપાઝપી થઇ તેમાં રજપુતોની સરશી થઇ; પણ કિલ્લાની આસપાસ મુસલમાનનો ઘેરો હતો ત્યાં આખરની લઢાઇ થઈ. રજપુતોએ પહેલી હાર ફોડીને બીજી હારને દિવાલની તરફ ગોઠવ્યા પછી ઉપરથી તથા સામેથી તેના ઉપર માર પડ્યો. પછી આખરે મુસલમાનોને નાસવું પડ્યું. તેથી લઢાઇ બંધ થઇ ઘેરો ઉઠ્યો. ઉમેદસિંગ વિજય થઇને કિલ્લાપર ગયો. ત્યાં તેનો અને બણીનો સારીપેઠે આવકાર થયો, એ કહેવું પડે એમ નથી. ઉમેદસિંહ તથા પન્નાનું લગ્ન થયું. તેને લીધે બેઉ વંશમાં પ્રેમ વધતો ગયો.
